તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું મેગેઝિન

# સપ્ટેમ્બર Part 1

# 2025

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/મામ. | ક્લર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

7600051070




## Most Imp Current Affairs – 1 TO 15 September 2025

### 1 સપ્ટેમ્બર

#### ભારતનું પ્રથમ ટેમ્પર્ડ ગ્લાસ ઉત્પાદન એકમ



- કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે **નોઇડામાં** મોબાઇલ ઉપકરણો માટે ભારતની પ્રથમ ટેમ્પર્ડ ગ્લાસ ઉત્પાદન સુવિધાનું ઉદ્ઘાટન કર્યું.
- આ સુવિધા ઓપ્ટીમસ ઇલેક્ટ્રોનિક્સ દ્વારા કોર્નિંગ ઇન્કોર્પોરેટેડ, યુએસએના સહયોગથી સ્થાપિત કરવામાં આવી છે.
- ઉચ્ચ ગુણવત્તાવાળા ટેમ્પર્ડ ગ્લાસનું ઉત્પાદન વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત બ્રાન્ડ **'એન્જિનિયર્ડ બાય કોર્નિંગ'** હેઠળ કરવામાં આવશે.
- નોઈડા પ્લાન્ટના પ્રથમ તબક્કાની વાર્ષિક ક્ષમતા 25 મિલિયન યુનિટ છે અને તે 600 લોકોને રોજગારી પૂરી પાડશે.
- બીજા તબક્કામાં, 800 કરોડ રૂપિયાના રોકાણ સાથે ક્ષમતા વધારીને 20 કરોડ યુનિટ કરવામાં આવશે, જેનાથી 4,500 સીધી નોકરીઓનું સર્જન થશે.

#### CII મેડટેક શિખર સંમેલન




- 17મી CII ગ્લોબલ મેડટેક સમિટ 2025 નવી દિલ્હીમાં **'સ્વસ્થ ભવિષ્ય માટે નવીનતા'** થીમ પર યોજાઇ.
- આ સંમેલનમાં ભારતને એક વૈશ્વિક બજારના સ્થાને વૈશ્વિક સ્વાસ્થ્ય સેવા નિર્માતા તરીકે જાહેર કરવામાં આવ્યું.
- કેન્દ્રીય ફાર્માસ્યુટિકલ સચિવ અમિત અગ્રવાલે વિકસિત ભારત 2047 ના વિઝનને સાકાર કરવા માટે નવીનતાઓ અને રોકાણકારોને સરકાર સાથે સહયોગ કરવા વિનંતી કરી.
- ભારતે અદ્યતન તબીબી ઉપકરણોનું સ્થાનિક ઉત્પાદન શરૂ કરી આત્મનિર્ભરતા તરફ મોટાં પગલાં લીધાં છે. એમઆરઆઈ અને સીટી સ્કેન મશીનો, મેમોગ્રાફી યુનિટ્સ, વેન્ટિલેટર, સ્ટેન્ટ, ડાયાલિસિસ મશીનો, હાર્ટ વાલ્વ અને ઇમ્પ્લાન્ટ જેવાં ઉપકરણો - જે એક સમયે સ્થાનિક રીતે બનાવવાનું અશક્ય માનવામાં આવતું હતું જે હવે સ્વદેશી રીતે બનાવવામાં આવી રહ્યાં છે.

## મલ્ટી લેન ફ્રી ફ્લો ટૉલિંગ




- ભારતની પ્રથમ મલ્ટી-લેન ફ્રી ફ્લો (MLFF) ટોલિંગ સિસ્ટમ માટે ઇન્ડિયન હાઇવે મેનેજમેન્ટ કંપની લિમિટેડ (IHMCL) (NHAI દ્વારા પ્રમોટેડ) અને **ICICI બેંક** વચ્ચે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.
- આ સિસ્ટમ ગુજરાતમાં NH-48 પર ચોર્યાસી ટોલ પ્લાઝા પર લાગુ કરવામાં આવશે.
- આ સિસ્ટમ અવરોધ-મુક્ત ટોલિંગ તરફનું એક મોટું પગલું છે, જે FASTag દ્વારા સીમલેસ ઇલેક્ટ્રોનિક ટોલ કલેક્શનને સક્ષમ બનાવશે.
- **ચોર્યાસી ટોલ પ્લાઝા** દેશનો પ્રથમ અવરોધ-મુક્ત ટોલ પ્લાઝા બનશે.
- આ સિસ્ટમ RFID રીડર્સ અને ANPR કેમેરાનો ઉપયોગ કરીને FASTag અને વાહન નોંધણી નંબર-આધારિત ટોલિંગને સક્ષમ કરશે.
- વાહનોને હવે ટોલ પ્લાઝા પર રોકાવાની જરૂર રહેશે નહીં, જેનાથી ભીડ અને મુસાફરીનો સમય ઓછો થશે. આ સિસ્ટમથી ઇંધણ કાર્યક્ષમતા વધશે, ઉત્સર્જન ઘટશે અને ટોલ આવક વસૂલાતમાં સુધારો થશે તેવી અપેક્ષા છે.

## આદિવાણી એઆઈ અનુવાદક




- ભારતમાં આદિવાસી ભાષાઓ માટે કેન્દ્ર સરકારના કૃત્રિમ બુદ્ધિ આધારિત અનુવાદ મોડેલ **'આદિવાણી'નું** બીટા સંસ્કરણ લોન્ચ કરવામાં આવ્યું.
- 'આદી વાણી' નું બીટા વર્ઝન આદિવાસી ભાષાઓ માટે ભારતનું પ્રથમ AI-સંચાલિત અનુવાદક છે.
- 'આદિ વાણી'નો ઉદ્દેશ્ય **ભારતની વિશાળ આદિવાસી ભાષાકીય વિવિધતાને જાળવવાનો** છે.
- આ અનુવાદકો આદિવાસી અને બિન-આદિવાસી સમુદાયો વચ્ચેના સંદેશાવ્યવહારના અંતરને દૂર કરશે.

## ડાયલ 112 જનરક્ષક પરિયોજના

- **ડાયલ 112** પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર, મહિલા, બાળ અને આપત્તિ હેલ્પલાઇનને એક જ ઇમરજન્સી નંબરમાં એકીકૃત કરતો નંબર ગુજરાત રાજ્ય સરકારે લોન્ચ કર્યો.
- આ માટે જનરક્ષક PCR વાન શરૂ કરવામાં આવી જેમાં GPS, વાયરલેસ સેટ, લાઇટ બાર અને તાલીમ પામેલા સ્ટાફ જોવા મળશે



- આ પ્રોજેક્ટ પર ગુજરાત સરકાર દર વર્ષે 92 કરોડ રૂપિયા ખર્ચ કરશે. આ સિસ્ટમ અમદાવાદ સ્થિત 24x7 સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા સંચાલિત કરવામાં આવશે.
- અમિત શાહ દ્વારા આ નવી રિસ્પોન્સ સિસ્ટમનું લોન્ચિંગ કરવામાં આવ્યું અને માણસા પોલીસ સ્ટેશનને BIS પ્રમાણપત્ર મળ્યું તે બાબતનો ઉલ્લેખ કર્યો.

## SCO શિખર સંમેલન




- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ **<u>ચીનના તિયાંજીન ખાતે</u>** SCO શિખર સંમેલનના પૂર્ણ સત્રને સંબોધિત કર્યું.
- તેમણે કહ્યું કે આતંકવાદ પર બેવડા ધોરણો સ્વીકારી શકાય નહીં. તેમણે આતંકવાદને માનવતા માટે સૌથી મોટા ખતરાઓમાંનો એક ગણાવ્યો.
- તેમણે કહ્યું કે ભારત ચાર દાયકાથી વધુ સમયથી આતંકવાદથી પીડાઇ રહ્યું છે. તેમણે પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારતને ટેકો આપનારા દેશોનો આભાર માન્યો.
- તેમણે કહ્યું કે SCO પ્રત્યે ભારતનો અભિગમ ત્રણ સ્તંભો પર આધારિત છે. આ સ્તંભો સુરક્ષા, કનેક્ટિવિટી અને તક છે.
- વડાપ્રધાન મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે સાથે વાત કરી.
- SCO તિયાનજિન સમિટ 2025 એ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશનના રાજ્ય વડાઓની પરિષદની **<u>25મી</u>** બેઠક છે.

## સરકારી સેવાઓનું એકીકરણ

- **<u>NeGD એ DigiLocker અને e-District પ્લેટફોર્મ</u>** દ્વારા લગભગ 2,000 ડિજિટલ જાહેર સેવાઓને જોડી છે.
- લોકો આ પ્લેટફોર્મનો ઉપયોગ પ્રમાણપત્રો મેળવવા, કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા, બિલ ચૂકવવા અને અન્ય સરકારી સેવાઓ સરળતાથી મેળવવા માટે કરી શકે છે.
- આ એકીકરણથી સેવાઓ વધુ સુલભ અને પારદર્શક બનશે.
- રાજ્યોમાં, મહારાષ્ટ્ર 254 સંકલિત સેવાઓ સાથે મોખરે છે.
- આ પછી, દિલ્હીમાં 123, કર્ણાટકમાં 113, આસામમાં 102 અને ઉત્તર પ્રદેશમાં 86નો ક્રમ છે.
- ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રાલય હેઠળ 2009માં રચાયેલ, NeGD ડિજિટલ ઇન્ડિયા કોર્પોરેશનમાં એક સ્વતંત્ર વ્યવસાય વિભાગ તરીકે કાર્ય કરે છે.
- તેની સ્થાપનાથી, તેણે કાર્યક્રમોના સંચાલન અને ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ્સના અમલીકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

- તે મંત્રાલયો, રાજ્ય સરકારો અને અન્ય એજન્સીઓને નિષ્ણાત માર્ગદર્શન અને ટેકનીકલ સહાય પણ પૂરી પાડે છે.

### ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક સ્થાપના દિવસ

- ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB) **એ 1 સપ્ટેમ્બર, 2025 ના રોજ નવી દિલ્હીમાં તેનો 8મો** સ્થાપના દિવસ ઉજવ્યો. જે **IPPB દિવસ** તરીકે ઓળખાય છે.
- બેંક દ્વારા 1.64 લાખથી વધુ પોસ્ટ ઓફિસો અને 1.90 લાખ પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકો (GDS)ના વ્યાપક પોસ્ટલ નેટવર્કનો લાભ લેવામાં આવે છે.
- IPPB દ્વારા ગ્રામીણ, અર્ધ-શહેરી અને દૂરના વિસ્તારોમાં ડોરસ્ટેપ બેંકિંગ સક્ષમ કરવામાં આવ્યું છે.
- તાજેતરમાં ડિજીસ્માર્ટ (ડિજિટલ બચત ખાતું), પ્રીમિયમ આરોગ્ય બચત ખાતું (સ્વાસ્થ્ય લાભો સાથેનું બેંક ખાતું), અને આધાર-આધારિત ફેસ ઓથેન્ટિકેશન જેવી નવી સુવિધાઓ રજૂ કરવામાં આવી છે.
- RuPay વર્ચ્યુઅલ ડેબિટ કાર્ડ, AePS (આધાર-સક્ષમ ચુકવણી સેવાઓ), ક્રોસ-બોર્ડર રેમિટન્સ અને ભારત બિલ પે એકીકરણ જેવી સેવાઓ પહેલેથી જ કાર્યરત છે.

**ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક**

- IPPB 1 સપ્ટેમ્બર, 2018 ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- તે ભારત સરકારની 100% ઇક્વિટી માલિકી સાથે, સંદેશાવ્યવહાર મંત્રાલયના ટપાલ વિભાગ હેઠળ સ્થાપિત થયેલ છે.
- IPPB ભારતના 5.57 લાખ ગામડાઓ અને નગરોમાં 11 કરોડ ગ્રાહકોને 13 ભાષાઓમાં ઉપલબ્ધ સાહજિક ઇન્ટરફેસ દ્વારા સરળ અને સસ્તું બેંકિંગ સોલ્યુશન્સ પૂરા પાડે છે.

## 2 સપ્ટેમ્બર

### 2 સપ્ટેમ્બર: વિશ્વ નારિયેળ દિવસ




- વિશ્વભરના નાળિયેર ઉત્પાદક દેશો 2 સપ્ટેમ્બરના વિશ્વ નાળિયેર દિવસ ઉજવે છે, જે **આંતરરાષ્ટ્રીય નાળિયેર સમુદાય (ICC)** નો સ્થાપના દિવસ છે.
- વિશ્વ નાળિયેર દિવસ 2025 ની થીમ **"નાળિયેરની શક્તિને મુક્ત કરવી, વૈશ્વિક ક્રિયાને પ્રેરણા આપવી"** છે.
- સૌપ્રથમ 2009માં એશિયન અને પેસિફિક કોકોનટ કોમ્યુનિટી (APCC) દ્વારા આ દિવસ ઉજવવામાં આવ્યો હતો.

- APCC એ 1969માં એશિયા-પેસિફિક ક્ષેત્રમાં નાળિયેર ઉદ્યોગને પ્રોત્સાહન આપવા, સંકલન કરવા અને સુમેળ સાધવા માટે સ્થાપિત એક આંતર-સરકારી સંસ્થા હતી.
- 2017માં, APCC ને વૈશ્વિક સંગઠનમાં અપગ્રેડ કરવામાં આવ્યું અને તેનું નામ બદલીને **<u>આંતરરાષ્ટ્રીય નાળિયેર સમુદાય (ICC)</u>** રાખવામાં આવ્યું.
- ભારત ICCનો સ્થાપક સભ્ય છે. 90થી વધુ દેશોમાં નારિયેળની ખેતી 1.22 કરોડ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલી છે, જે વાર્ષિક આશરે 67 અબજ નારિયેળનું ઉત્પાદન કરે છે.

### સેમિકોન ઈન્ડિયા 2025




- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના <u>યશોભૂમિ ખાતેથી</u> સેમિકોન ઈન્ડિયા 2025નું ઉદ્ઘાટન કર્યું.
- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ભારતના સેમિકન્ડક્ટર ઉદ્યોગના વિકાસને વેગ આપવાનો તેમજ ચિપ ડિઝાઇન, ઉત્પાદન અને નવીનતા માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો પણ છે.
- 48થી વધુ દેશોના 2500 પ્રતિનિધિઓ સહિત 20750થી વધુ સહભાગીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી.
- ભારતે અગાઉ બેંગલુરુ (2022), ગાંધીનગર (2023) અને ગ્રેટર નોઈડા (2024)માં સેમકોન ઇવેન્ટ્સનું આયોજન કર્યું છે.

### સંયુક્ત સૈન્ય અભ્યાસ - યુદ્ધ અભ્યાસ

- આ અભ્યાસ **<u>ભારત અને અમેરિકા</u>** વચ્ચે અલાસ્કાના **<u>ફોર્ટ વેનરાઇટ ખાતે</u>** આયોજિત કરવામાં આવ્યો.
- ભારતનું પ્રતિનિધિત્વ મદ્રાસ રેજિમેન્ટની બટાલિયન દ્વારા કરવામાં આવ્યું હતું અને યુએસ આર્મીની 5મી ઇન્ફન્ટ્રી રેજિમેન્ટ દ્વારા અમેરિકાનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું.
- આ રેજિમેન્ટ **<u>‘બોબકેટ્સ’</u>** તરીકે ઓળખાય છે.

### નારી 2025 રિપોર્ટ




- રાષ્ટ્રીય વાર્ષિક અહેવાલ અને મહિલા સુરક્ષા સૂચકાંક (NARI) 2025 અનુસાર, નાગાલેન્ડની રાજધાની **<u>કોહિમા</u>** રેન્કિંગમાં **<u>પ્રથમ</u>** ક્રમે છે.
- આંધ્રપ્રદેશનું **<u>વિશાખાપટ્ટનમ</u>** અને ઓડિશાનું **<u>ભુવનેશ્વર</u>** અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- આ રિપોર્ટ રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW) દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.
- નારી 2025 ઇન્ડેક્સ 31 શહેરોમાં 12,770 મહિલાઓના સર્વે પર આધારિત હતો.

## કન્ટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (CGA)

- **શ્રીમતી ટીસીએ કલ્યાણી**એ નાણા મંત્રાલયમાં નવા કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (સીજીએ) તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તે આ પદ સંભાળનાર 29મી અધિકારી બની.
- શ્રીમતી કલ્યાણી ભારતીય નાગરિક ખાતા સેવા (ICAS) ના 1991 બેચના છે.
- તેમને ગવર્નન્સ, એકાઉન્ટિંગ અને એડમિનિસ્ટ્રેશનમાં 34 વર્ષથી વધુનો અનુભવ છે.
- સંરક્ષણ, ટેલિકોમ, ખાતર, સામાજિક ન્યાય, નાણાં અને ગૃહ જેવા ઘણા મંત્રાલયોને તેમની સેવાઓનો લાભ મળ્યો છે.
- ખાતર સબસિડી માટે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) યોજના શરૂ કરવામાં તેમનું યોગદાન નોંધપાત્ર માનવામાં આવ્યું હતું.

**કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (CGA)**

- તે ભારત સરકારના એકાઉન્ટિંગ બાબતો પર મુખ્ય સલાહકાર છે.
- તે ટેકનિકલી રીતે મજબૂત મેનેજમેન્ટ એકાઉન્ટિંગ સિસ્ટમ સ્થાપિત કરવા અને તેનું સંચાલન કરવા અને કેન્દ્ર સરકારના હિસાબોની તૈયારી અને રજૂઆત માટે જવાબદાર છે.
- તે કેન્દ્ર સરકાર માટે ટ્રેઝરી નિયંત્રણ અને આંતરિક ઓડિટનો ઉપયોગ કરવા માટે જવાબદાર છે.

## રેમન મેગ્સેસે એવોર્ડ 2025




- **એજ્યુકેટ ગર્લ્સ, જેને ફાઉન્ડેશન ટુ એજ્યુકેટ ગર્લ્સ ગ્લોબલી** તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને 2025નો રેમન મેગ્સેસે એવોર્ડ મળ્યો છે. આ સન્માન મેળવનાર તે **પ્રથમ ભારતીય NGO** છે.
- આ પુરસ્કારને ઘણીવાર **નોબેલ પુરસ્કારનું એશિયન સંસ્કરણ** કહેવામાં આવે છે.
- એજ્યુકેટ ગર્લ્સની સ્થાપના 2007માં રાજસ્થાનમાં **સફીના હુસૈન** દ્વારા કરવામાં આવી હતી.
- આ NGO કન્યા શિક્ષણ માટે સમુદાય અને સરકારી સહાય લાવવાનું કામ કરે છે.
- તેનું મુખ્ય ધ્યાન ભારતના ગ્રામીણ અને વંચિત વિસ્તારો પર છે. આ સંસ્થા છોકરીઓને શાળામાં લાવવા પ્રયત્ન કરે છે અને તેમના શિક્ષણને વેગ આપી તેમને રોજગાર બાબતે તાલીમ પણ આપે છે.
- સફીના હુસૈને જણાવ્યું હતું કે સંસ્થાનો ધ્યેય નિરક્ષરતા અને ગરીબીના ચક્રને તોડવાનો છે.
- 2025ના અન્ય વિજેતાઓમાં માલદીવની શાહીના અલીનો સમાવેશ થાય છે.
- પર્યાવરણ સંરક્ષણમાં તેમના યોગદાન બદલ તેમને સન્માનિત કરવામાં આવ્યાં.
- ફિલિપાઇન્સના ફ્લાવિયાનો એન્ટોનિયો એલ. વિલાનુએવાને પણ વિજેતા જાહેર કરવામાં આવ્યાં.

## ✚ સ્વદેશી ચિપ વિક્રમ




- નવી દિલ્હીમાં સેમિકોન ઇન્ડિયા-2025 સંમેલનનું આયોજન થયું હતું.
- જેમાં કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રથમ સ્વદેશી ચિપ ભેટમાં આપી હતી. જેનું નામ **વિક્રમ** છે, જે **32 બિટનું માઈક્રોપ્રોસેસર** છે.
- વૈષ્ણવે જણાવ્યું કે, દેશમાં પાંચ સેમિકન્ડક્ટર યુનિટનું નિર્માણ ચાલી રહ્યું છે. 23 ચિપ ડિઝાઈન પ્રોજેક્ટને સરકાર મંજૂરી આપી ચુકી છે.
- રૂ. 1.60 લાખ કરોડમાં **ગુજરાત, આસામ, ઉત્તરપ્રદેશ, પંજાબ, ઓડિશા અને આંધ્રપ્રદેશમાં** સૈમિકન્ડક્ટર પ્લાન્ટની સ્થાપના થઇ રહી છે.
- વિક્રમ 32 એ સેમિકન્ડક્ટર માઇક્રોપ્રોસેસર ચિપ છે જેનું નિર્માણ રોકેટ સેટેલાઇટ માટે કરવામાં આવ્યું છે.આ ચિપ **સેટેલાઇટ નેવિગેશન, નિયંત્રણ અને માઇક્રોસેકન્ડમાં જરૂરી કેલ્ક્યુલેશન કરીને રોકેટની સાચી દિશા જાળવી રાખવામાં મદદ કરશે.**
- તેને **ઇસરોએ સેમિકન્ડક્ટર લેબોરેટરી, ચંડીગઢની** મદદથી મિલિટ્રી ગ્રેડ સ્ટાન્ડર્ડના હિસાબે બનાવી છે જેથી તે **માઇનસ 55 ડિગ્રીથી +125 ડિગ્રી સેલ્સિયસ** તાપમાનમાં પણ સારું પરફોર્મ કરી શકે.
- આ ચિપ ઈસરોના 16 બીટ પ્રોસેસર **વિક્રમ 1601નું અપગ્રેડ વર્ઝન** છે.

## 3 સપ્ટેમ્બર

## ✚ ડો. દીપક મિતલ સંયુક્ત આરબ અમીરાતમાં ભારતના રાજદૂત



- તેઓ ભારતીય વિદેશ સેવાના 1998 બેચના અધિકારી છે. તેમણે વડાપ્રધાન મોદીના કાર્યકાળ દરમિયાન વડાપ્રધાન કાર્યાલયમાં પણ કામ કર્યું છે.
- તેઓ 2020થી 2022 દરમિયાન કતારમાં ભારતના રાજદૂત હતા. તેમણે તાલિબાન સાથે ભારતના પ્રથમ ઔપચારિક રાજદ્વારી સંપર્કો સ્થાપિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.
- સંયુક્ત આરબ અમીરાત પશ્ચિમ એશિયામાં ભારતના સૌથી નજીકના વ્યૂહાત્મક ભાગીદારોમાંનું એક છે.
- ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે 1972માં રાજદ્વારી સંબંધો સ્થાપિત થયા.
- વડાપ્રધાન મોદીએ 2015માં UAEની મુલાકાત લીધી હતી. ત્રણ દાયકાથી વધુ સમયમાં કોઈ ભારતીય વડાપ્રધાનની આ પહેલી મુલાકાત હતી.
- ફેબ્રુઆરી 2024માં, શ્રી મોદીએ અબુ ધાબીમાં BAPS હિંદુ મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું.

## ✚ સ્તન કેન્સરની સારવાર

- ભારતીય સંશોધકોએ એક નવું **નાઇટ્રો-અવેજીકૃત ઓર્ગેનોસેલેનિયમ સંયોજન** વિકસાવ્યું છે.
- આ સંયોજન આક્રમક ટ્રિપલ નેગેટિવ સ્તન કેન્સર કોષોની આક્રમકતા ઘટાડશે.

- **<u>ઈન્સ્ટિટ્યૂટ ફોર એડવાન્સ્ડ સ્ટડી ઇન સાયન્સ એન્ડ ટેકનોલોજીના ડૉ. આશિષ બાલાએ IIT ગુવાહાટીના ડૉ. કૃષ્ણા અને પી. ભાબક</u>** સાથે મળીને આ અભ્યાસ હાથ ધર્યો હતો.
- આ સંયોજનને **<u>4-નાઈટ્રો-સબસ્ટિટ્યુટેડ બેન્ઝીલિક ડિસેલેનાઇડ (ડિસેલનાઇડ 7)</u>** તરીકે ઓળખવામાં આવ્યું છે.
- તે સેલેનિયમ ડેરિવેટિવ્ઝ સાથે બેન્ઝીલિક હેલાઇડ્સના ન્યુક્લિયોફિલિક અવેજી દ્વારા બનાવવામાં આવ્યું હતું.
- પ્રયોગશાળાના અભ્યાસોમાં, જોવા મળ્યું હતું કે આ સંયોજન કેન્સર કોષોમાં બહુવિધ અસ્તિત્વ પદ્ધતિઓને લક્ષ્ય બનાવે છે.
- તેણે Akt/mTOR અને ERK માર્ગોને અવરોધિત કર્યા જે કેન્સર કોષના વિકાસ માટે મહત્વપૂર્ણ છે.

## બેડમિંટન વિશ્વ ચેમ્પિયનશિપ



- બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) એ જાહેરાત કરી છે કે **<u>નવી દિલ્હી</u>** 2026 બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપનું આયોજન કરશે.
- આ ઇવેન્ટ 17 વર્ષ પછી ભારતમાં પાછી યોજાશે, છેલ્લી આવૃત્તિ 2009માં **<u>હૈદરાબાદમાં</u>** યોજાઈ હતી.
- ચીનના નાનજિંગમાં 2018ની આવૃત્તિ પછી, ચાર વર્ષ પછી ચેમ્પિયનશિપ એશિયામાં યોજાશે.
- છેલ્લાં કેટલાંક વર્ષોમાં, ભારતીય શટલરો વિશ્વ ચેમ્પિયનશિપમાં સતત મેડલ જીતી રહ્યા છે.
- પીવી સિંધુ એક ગોલ્ડ, બે સિલ્વર અને બે બ્રોન્ઝ સહિત પાંચ મેડલ સાથે ભારતની સૌથી સફળ ખેલાડી તરીકે ઉભરી આવી છે.
- સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ તાજેતરમાં પુરુષોની ડબલ્સ ઇવેન્ટમાં મેડલ જીત્યા છે.
- એચએસ પ્રણોયે ટુર્નામેન્ટના તાજેતરના સંસ્કરણોમાં ભારત માટે મેડલ પણ જીત્યા હતા.
- આ પહેલાં પ્રકાશ પાદુકોણ, જ્વાલા ગુટ્ટા અને અશ્વિની પોનપ્પાએ પણ આ પ્રતિષ્ઠિત ઇવેન્ટમાં મેડલ જીત્યા હતા.

## ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ 2025

- ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (IMC) 2025 માટે AI-સંચાલિત મોબાઈલ એપ્લિકેશન કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયા દ્વારા લોન્ચ કરવામાં આવી.
- મંત્રીએ એપને "જોડાણ, સહયોગ અને પરિણામો" માટે પ્રવેશદ્વાર તરીકે વર્ણવ્યું.
- IMC ની 9મી આવૃત્તિ યશોભૂમિ કન્વેન્શન સેન્ટર, દ્વારકા, નવી દિલ્હી ખાતે યોજાશે. IMCની થીમ "પરિવર્તન માટે નવીનતા" છે.

- એપ પર AI દ્વારા જનરેટેડ ટૂંકા વિડિયો હાઇલાઇટ્સ, લાઇવ મતદાન, સ્પર્ધાઓ અને ઇન્ટરેક્ટિવ ફોટો બૂથ ઉપલબ્ધ હશે.
- IMC 2025 5G/6G, AI, IoT, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, ક્લીન ટેક, સેમિકન્ડક્ટર અને સ્માર્ટ મોબિલિટી જેવા ક્ષેત્રોમાં 1,000થી વધુ ઉપયોગના કેસો પ્રદર્શિત કરશે.
- ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (DOT) અને સેલ્યુલર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા (COAI) આ કાર્યક્રમનું સહ-હોસ્ટિંગ કરી રહ્યા છે.

## મિશેલ સ્ટાર્કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી



- તેણે પોતાની ટેસ્ટ અને વનડે કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આ નિર્ણય લીધો.
- સ્ટાર્ક T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં ઓસ્ટ્રેલિયાનો સૌથી સફળ ઝડપી બોલર હતો. તેણે 65 મેચોમાં 79 વિકેટ લીધી હતી.
- ઓસ્ટ્રેલિયા માટે ફક્ત સ્પિનર એડમ ઝામ્પાએ જ તેમના કરતાં વધુ T20I વિકેટ લીધી છે.
- સ્ટાર્કે 2012માં પાકિસ્તાન સામે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું.

## 4 સપ્ટેમ્બર

## વિશ્વ કોંગ્રેસ




- 18મી વિશ્વ કોંગ્રેસની મેજબાની **શારજાહ** કરશે. આ પ્રથમ વારની ઘટના બનશે જેમાં મધ્યપૂર્વ અને ઉત્તરી આફ્રિકા ક્ષેત્રમાં આ આયોજન થશે. 70થી વધુ દેશોના પ્રતિનિધિઓ આ કાર્યક્રમમાં ભાગ લે તેવી અપેક્ષા છે.
- આ કોંગ્રેસ વૈશ્વિક સમાવેશને લગતા પડકારો અને ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- ચર્ચાના મુખ્ય ક્ષેત્રોમાં સમાવિષ્ટ શિક્ષણ, આરોગ્યસંભાળ, કાનૂની અધિકારો, રોજગાર, હિમાયત અને સમુદાય ભાગીદારીનો સમાવેશ થાય છે.
- તે "બધા માટે સ્વાસ્થ્ય અને ગૌરવ"ના સિદ્ધાંતને પ્રોત્સાહન આપે છે.

## GST પરિષદે નવું સંશોધન રજૂ કર્યું

- GST પરિષદે ટેક્સના સ્લેબમાં ફેરફાર કરતું નવું સંશોધન ડ્રાફ્ટ રજૂ કર્યું.
- આ પગલાનો હેતુ સામાન્ય નાગરિકો, મુખ્ય ઉદ્યોગો, ખેડૂતો અને એકંદર અર્થતંત્રને ટેકો આપવાનો છે.
- ઘણી મધ્યમ વર્ગ અને ઘરવખરીની વસ્તુઓ પરના કરમાં ઘટાડો કરવામાં આવ્યો છે.
- GST કાઉન્સિલે કર પ્રણાલીને સરળ બનાવી છે.

- 12% અને 28% સ્લેબ દૂર કરવામાં આવ્યા છે. ફક્ત 5% અને 18% સ્લેબ જ રહેશે.
- આ ઉપરાંત, લક્ઝરી અને સિન પ્રોડક્ટ્સ માટે 40% GSTનો નવો સ્લેબ રજૂ કરવામાં આવશે.
- બધી વ્યક્તિગત જીવન અને આરોગ્ય વીમા પૉલિસીઓ હવે GSTમાંથી મુક્ત છે.
- 33 આવશ્યક જીવનરક્ષક દવાઓ પર કોઈ GST નહીં લાગે. અગાઉ, આ દવાઓ પર 12% કર લાગતો હતો.
- કેન્સર, દુર્લભ રોગો અને ક્રોનિક રોગોને લગતી ત્રણ મહત્વપૂર્ણ દવાઓ પણ હવે કરમુક્ત છે. અગાઉ આ 5% સ્લેબમાં હતી.
- જેનેરિક દવાઓ પર હવે 12%ને બદલે 5% ટેક્સ લાગશે.
- આરોગ્ય સંભાળ અને નિદાનમાં વપરાતાં તબીબી ઉપકરણો પર હવે ફક્ત 5% GST લાગશે. અગાઉ, આ ઉપકરણો પર 18% કર લાગતો હતો.
- શેમ્પૂ, સાબુ, ટૂથપેસ્ટ, ટૂથબ્રશ, સાયકલ અને રસોડાનાં વાસણો જેવી દૈનિક ઉપયોગની વસ્તુઓ હવે 5% GSTના દાયરામાં આવશે.
- અલ્ટ્રા-હાઇ ટેમ્પરેચર (UHT) દૂધ, પનીર, ચેન્ના અને બ્રેડ પર GST દૂર કરવામાં આવ્યો છે. હવે આ વસ્તુઓ પર કોઈ GST નથી.
- નાસ્તા, નૂડલ્સ, ચોકલેટ, ચટણી, કોર્નફ્લેક્સ, માખણ, ઘી અને પ્રિઝર્વ્ડ માંસ જેવાં ખાદ્ય ઉત્પાદનો પર હવે 5% ટેક્સ લાગશે. અગાઉ આ ઉત્પાદનો પર 12% અથવા 18% ટેક્સ લાગતો હતો.
- એર કન્ડીશનર, મોટા ટીવી અને ડીશવોશર જેવા ઉપકરણો પર હવે 18% GST લાગશે, જે પહેલા 28% હતો તેનાથી ઓછો છે.
- નાની કાર અને મોટર સાયકલ પરનો GST પણ 28%થી ઘટાડીને 18% કરવામાં આવ્યો છે.
- તમામ પ્રકારનાં કૃષિ સાધનો પર હવે 12% ને બદલે 5% કર લાગશે.
- GST કાઉન્સિલની 56મી બેઠક નવી દિલ્હીમાં યોજાઇ હતી.
- તેની અધ્યક્ષતા નાણામંત્રી નિર્મલા સીતારમણે કરી હતી.
- આ બેઠકમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ, નાયબ મુખ્યમંત્રીઓ અને નાણાં પ્રધાનોએ હાજરી આપી હતી.
- બધા નવા GST દર 22 સપ્ટેમ્બરથી લાગુ થશે.

### રજિત પુન્હાની FSSAIના નવા CEO



- **રજિત પુન્હાનીએ** ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તેઓ 1991 બેચના બિહાર કેડરના IAS અધિકારી છે.
- પુન્હાનીને વિવિધ સ્તરે ત્રણ દાયકાથી વધુનો વહીવટી અનુભવ છે. તેઓ અગાઉ કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયમાં સચિવ તરીકે સેવા આપી ચૂક્યા છે.

**ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)**

- FSSAI ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળની એક વૈધાનિક સંસ્થા છે.
- તેનું મુખ્ય મથક નવી દિલ્હીમાં છે.
- તેની રચના 5 સપ્ટેમ્બર 2008 ના રોજ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, 2006ની જોગવાઈઓ હેઠળ કરવામાં આવી હતી.
- આ સત્તાધિકારી ખાદ્ય પદાર્થોના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને આયાતનું નિયમન કરે છે, સાથે સાથે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ધોરણો પણ નક્કી કરે છે.

## કપાસ કિસાન એપ




- કેન્દ્રીય કાપડ મંત્રી **<u>ગિરિરાજ સિંહે</u>** કાપડ મંત્રાલય હેઠળ કોટન કિસાન મોબાઇલ એપ્લિકેશન લોન્ચ કરી.
- આ એપ કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (CCI) દ્વારા MSP આધારિત કપાસ ખરીદીને સુવ્યવસ્થિત કરવા માટે વિકસાવવામાં આવી છે.
- આ એપ્લિકેશન દ્વારા, ખેડૂતો લઘુત્તમ ટેકાના ભાવ યોજના હેઠળ કપાસ વેચવા માટે ડિજિટલી નોંધણી કરાવી શકે છે.
- નવી મોબાઇલ એપ્લિકેશન ખેડૂતોને સ્વ-નોંધણી કરાવવા, સ્લોટ બુક કરાવવા અને ચુકવણીની સ્થિતિ ટ્રેક કરવામાં મદદ કરશે.

## દવા અને ક્લિનિકલ ટ્રાયલ નિયમોમાં સુધારો

- કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા નવા ડ્રગ્સ અને ક્લિનિકલ ટ્રાયલ નિયમો, 2019 માં સુધારો કરવામાં આવ્યો.
- આ સુધારાઓનો હેતુ ટેસ્ટ લાઇસન્સ અરજીઓ અને નવીન સંશોધન અભ્યાસ સબમિશનમાં કાયદાકીય સમસ્યાઓ નિવારવાનો છે.
- ફાર્માસ્યુટિકલ અને ક્લિનિકલ સંશોધન ક્ષેત્રોમાં નિયમનકારી પાલન ઘટાડવા અને વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા માટે મંત્રાલય દ્વારા નિયમમાં સુધારો કરવામાં આવશે.
- આ પગલાંઓથી ક્લિનિકલ સંશોધન માટે ભારતનું આકર્ષણ વધશે તેવી અપેક્ષા છે, જેનાથી ફાર્માસ્યુટિકલ સંશોધન અને વિકાસ માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે ભારતની સ્થિતિ મજબૂત થશે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC

## સૈન્ય અભ્યાસ મૈત્રી XIV

- **<u>ભારત અને થાઇલેન્ડની સેનાઓ વચ્ચે</u>** સંયુક્ત લશ્કરી કવાયત, મૈત્રી-XIVની 14મી આવૃત્તિ મેઘાલયના **<u>ઉમરોઈમાં</u>** સંયુક્ત તાલીમ કેન્દ્ર ખાતે આયોજિત કરવામાં આવી.



- અભ્યાસ મૈત્રીની અગાઉની આવૃત્તિ થાઇલેન્ડના ટાક પ્રાંતના ફોર્ટ વાચિરાપક્ષન ખાતે યોજાઈ હતી.
- આ વર્ષે, આ અભ્યાસ સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના પ્રકરણ VII હેઠળ અર્ધ-શહેરી વિસ્તારોમાં કંપની-સ્તરની આતંકવાદ વિરોધી કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે રચાયેલ છે.
- 2006માં શરૂ થયેલી આ અભ્યાસ મૈત્રીને દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગનું એક મહત્વપૂર્ણ તત્વ માનવામાં આવે છે, જે ભારત અને થાઇલેન્ડની પ્રાદેશિક શાંતિ, સુરક્ષા અને સ્થિરતા પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે.

# 5 સપ્ટેમ્બર

## 5 સપ્ટેમ્બર: શિક્ષક દિવસ

- તે શિક્ષણવિદ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ **<u>ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના</u>** જન્મદિવસ પર ઉજવવામાં આવે છે. તેમનો જન્મ 5 સપ્ટેમ્બર 1888ના થયો હતો.




- ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન **<u>ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ</u>** (1952–1962) હતા. તેઓ ભારતના **<u>બીજા રાષ્ટ્રપતિ</u>** બન્યા (1962-1967).
- ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને **<u>1954માં ભારત રત્ન અને 1975માં ટેમ્પલટન પુરસ્કારથી</u>** નવાજવામાં આવ્યા હતા.
- તેમનું દર્શન અદ્વૈત વેદાંત પર આધારિત હતું અને તેમણે રવીન્દ્રનાથ ટાગોરની ફિલોસોફી, ધ હિંદુ વ્યૂ ઓફ લાઇફ, રિકવરી ઓફ ફેઇથ જેવાં પુસ્તકો લખ્યાં.

## મણિપુર સરકાર અને કુકી - જો સમૂહ વચ્ચે નવો કરાર

- કેન્દ્ર, મણિપુર સરકાર અને કુકી-ઝો જૂથો વચ્ચે એક નવો કરાર થયો.
- આ કરારમાં, બધા પક્ષો મણિપુરની પ્રાદેશિક અખંડિતતા જાળવવા, **<u>રાષ્ટ્રીય ધોરીમાર્ગ-2 મુક્ત ટ્રાફિક માટે ખોલવા</u>** અને આતંકવાદી છાવણીઓને સ્થાનાંતરિત કરવા સંમત થયા.
- ગૃહ મંત્રાલય (MHA), મણિપુર સરકાર, કુકી નેશનલ ઓર્ગેનાઇઝેશન (KNO) અને યુનાઇટેડ પીપલ્સ ફ્રન્ટ (UPF)ના પ્રતિનિધિઓ વચ્ચે નવી દિલ્હીમાં ત્રિપક્ષીય બેઠક યોજાઈ હતી.
- ત્રિપક્ષીય સસ્પેન્શન ઓફ ઓપરેશન્સ (SOO) કરાર પર હસ્તાક્ષર સાથે બેઠકનું સમાપન થયું.
- KNO અને UPF સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાંથી સાત નિયુક્ત શિબિરોમાં સ્થળાંતર કરવા સંમત થયા.

- કુકી-ઝો કાઉન્સિલે મુસાફરો અને આવશ્યક ચીજવસ્તુઓની સરળ અવરજવર માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-2 ખોલવાનો નિર્ણય લીધો.

## ધ ચોલા ટાઇગર્સ: ધ એવેન્જર્સ ઓફ સોમનાથ પુસ્તક




- લેખક **અમીષ ત્રિપાઠીએ** ચેન્નાઈમાં તેમનું નવું પુસ્તક **'ધ ચોલા ટાઈગર્સ: ધ એવેન્જર્સ ઓફ સોમનાથ'નું** વિમોચન કર્યું. આ પુસ્તકમાં ચોલ સામ્રાજ્યની સિદ્ધિઓ, વહીવટ, વેપાર રજૂ કર્યા છે.
- આ પુસ્તકમાં ચોલ રાજાઓ દ્વારા સોમનાથ મંદિરના વિનાશનો બદલો લેવામાં આવ્યો તે દર્શાવવામાં આવ્યું છે.
- તેમની અગાઉની કૃતિઓ, જેમાં શિવ ટ્રાયોલોજી અને રામચંદ્ર શ્રેણીનો સમાવેશ થાય છે, સતત બેસ્ટસેલર યાદીમાં ટોચ પર રહી છે.

## થિરુવોનમ દિવસ



- ઓણમના સૌથી મહત્વપૂર્ણ દિવસ તરીકે આ દિવસ મનાવવામાં આવ્યો. ઓણમ એ એક હિંદુ તહેવાર છે જે **કેરળના** લોકો દ્વારા મનાવવામાં આવે છે અને કેરળના **મલયાલી** સમુદાય સાથે જોડાયેલો છે.
- ઓણમ મલયાલમ મહિનામાં **ચિંગમ માસમાં** આવે છે, જે સામાન્ય રીતે **ગ્રેગોરિયન કેલેન્ડર મુજબ ઓગસ્ટ અને સપ્ટેમ્બર** વચ્ચે આવે છે.
- આ તહેવાર **ભગવાન વિષ્ણુના વામન અવતાર** સાથે જોડાયેલું છે અને સમ્રાટ મહાબલીના પૌરાણિક પુનરાગમનની યાદમાં પણ ઉજવે છે.
- ઓણમ કશ્યપ અને પરશુરામ જેવા ઋષિઓ સાથે સંબંધિત પૌરાણિક કથાઓ પરપર આધારિત છે અને ઓણમ મુખ્યત્વે લણણીનો તહેવાર છે.
- ઓણમ, વિશુ અને તિરુવતિર સાથે, કેરળમાં ઉજવાતા ત્રણ મુખ્ય હિંદુ તહેવારોમાંનો એક છે.
- આ ઉત્સવમાં વલ્લમ કાલી (સાપ બોટ રેસ), પુલીકાલી (વાઘ નૃત્ય) અને પુક્કલમ (ફૂલોની સજાવટ)નો સમાવેશ થાય છે.
- અન્ય પ્રવૃતિઓમાં ઓણમ કાલી, થુંબી થુલ્લાલ (સ્ત્રીઓ દ્વારા લોકનૃત્ય) અને કુમ્મત્તિકાલી (મુખવટો નૃત્ય)નો સમાવેશ થાય છે.
- લોકો ઓનાથલ્લુ (એક પ્રકારની માર્શલ આર્ટ)માં પણ ભાગ લે છે અને ઓનાવિલ્લુ (સંગીત ધનુષ્ય)નો પણ આનંદ માણે છે. કાઝચક્કુલા (કેળા)નો પ્રસાદ બનાવવામાં આવે છે.

## 6 સપ્ટેમ્બર

### પ્રો. વી. કે. ગોકક પુરસ્કાર

- **આણંદ વી. પાટીલ**ને વર્ષ 2025 માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.
- આ એવોર્ડ સમારોહ ભારતીય વિદ્યા ભવન દ્વારા આયોજિત થયો હતો જે વિનાયક ગોકક વાંગમય ટ્રસ્ટના સહયોગથી થયું હતું.
- આ પુરસ્કાર પ્રો. વિનાયક કૃષ્ણ ગોકકના નામ પરથી રાખવામાં આવ્યો છે. પ્રો. ગોકક એક પ્રખ્યાત ભારતીય લેખક અને જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા હતા.
- પ્રો. ગોકકે શાળાઓમાં **કન્નડને** પ્રાથમિક ભાષાનો દરજ્જો આપવાની ભલામણ કરી હતી.

### ગીધ સંરક્ષણ માટે પોર્ટલ



- **આસામ** ભારતનું પ્રથમ રાજ્ય બન્યું જેને ગીધના સંરક્ષણ માટે એક પોર્ટલ લોન્ચ કર્યું. આ પોર્ટલ વી ફાઉન્ડેશન ઇન્ડિયા દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
- આ પોર્ટલને **'ધ વલ્ચર નેટવર્ક'** કહેવામાં આવે છે.
- આ પોર્ટલનો ઉદ્દેશ્ય ગીધ પ્રજાતિઓના સંરક્ષણ માટે કામ કરતા વ્યક્તિઓ અને જૂથોને જોડવાનો છે.
- આ કાર્યક્રમ **આંતરરાષ્ટ્રીય ગીધ જાગૃતિ દિવસ** નિમિતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ દિવસ દર વર્ષે **સપ્ટેમ્બરના પહેલા શનિવારે** ઉજવવામાં આવે છે.
- વી ફાઉન્ડેશન ઇન્ડિયાના **નીલુતપાલ મહંતે** જણાવ્યું હતું કે આ પોર્ટલ આસામી ભાષામાં માહિતી પૂરી પાડનાર પ્રથમ પોર્ટલ હશે.તેનો ઉદ્દેશ્ય સ્થાનિક સમુદાયોને ગીધ સંરક્ષણનું મહત્વ સમજવામાં મદદ કરવાનો છે.
- ગીધની વસતી ઘટવા માટે જવાબદાર બાબતોમાં શબનું ઝેર, **ડાયક્લોફેનાક જેવી હાનિકારક પશુચિકિત્સા દવાઓ** અને નકારાત્મક જાહેર ધારણાઓનો સમાવેશ થાય છે.
- ભારત ગીધની નવ પ્રજાતિઓનું ઘર છે. આમાં સફેદ પૂંછડીવાળા, લાલ માથાવાળા, ભારતીય, હિમાલયન ગ્રિફોન, સિનેરિયસ, યુરેશિયન ગ્રિફોન, ઇજિપ્તીયન અને દાઢીવાળા ગીધનો સમાવેશ થાય છે.

### અંગીકાર 2025 અભિયાન




- પ્રધાનમંત્રી આવાસ યોજના - શહેરી 2.0 (PMAY-U 2.0) હેઠળ છેલ્લા માઇલ સુધી પહોંચવા માટેનું અભિયાન "અંગીકાર 2025" ગૃહ અને શહેરી બાબતોના મંત્રી શ્રી મનોહરલાલ દ્વારા નવી દિલ્હીમાં શરૂ કરવામાં આવ્યું.
- અંગીકાર 2025નો ઉદ્દેશ્ય રાષ્ટ્રવ્યાપી જાગૃતિ લાવવાનો અને PMAY-U 2.0 ના અમલીકરણને વેગ આપવાનો છે.

- આ ઝુંબેશ અરજીઓની ચકાસણી ઝડપી બનાવશે અને મંજૂર થયેલા મકાનોના બાંધકામને ઝડપી બનાવશે.
- PMAY-U લાભાર્થીઓને PM સૂર્ય ઘર: મફત વીજળી યોજનાનો લાભ આપવામાં આવશે.
- અત્યાર સુધીમાં, PMAY-U હેઠળ 120 લાખ ઘરોને મંજૂરી આપવામાં આવી છે, જેમાંથી 94.11 લાખ ઘરોનું બાંધકામ પૂર્ણ થઇ ગયું છે.

### સરસ આજીવિકા મેળો - દિલ્હી




- ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા **નવી દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ** ખાતે સરસ આજીવિકા મેળો 2025નું આયોજન કરવામાં આવ્યું.
- સરસ મેળો દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) હેઠળ લોકોને તેમના મૂળ સાથે જોડે છે, જેણે 34 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 10 કરોડ મહિલાઓને જોડ્યા છે.
- આ મિશન હેઠળ, 2 કરોડથી વધુ મહિલાઓ 'લખપતિ દીદી' બની છે, જે આ પહેલની સફળતા દર્શાવે છે.

## 7 સપ્ટેમ્બર

### કાર્લોસ અલકારાજ



- **કાર્લોસ અલ્કારાઝે** પોતાનો બીજો યુએસ ઓપન ટાઇટલ જીત્યો અને વિશ્વનો નંબર 1 રેન્કિંગ મેળવ્યો.
- અલ્કારાઝની જીતથી તેના ગ્રાન્ડ સ્લેમ જીતની સંખ્યા છ થઇ ગઈ, જેનાથી તે બજોર્ન બોર્ગ પછી વ્યાવસાયિક યુગમાં આ સિદ્ધિ હાંસલ કરનાર બીજો સૌથી યુવા ખેલાડી બન્યો.

### વેનિસ ફિલ્મ પુરસ્કાર

- ભારતીય ફિલ્મ નિર્માતા **અનુપર્ણા રોયે** 82મા વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં ઓરિઝોન્ટી શ્રેણીમાં શ્રેષ્ઠ દિગ્દર્શકનો એવોર્ડ જીત્યો.
- તેમની ફિલ્મ "સોંગ્સ ઓફ ફોરગોટન ટ્રીઝ", જે આ શ્રેણીમાં એકમાત્ર ભારતીય ફિલ્મ છે, તે મુંબઇમાં બે સ્થળાંતરિત મહિલાઓની વાર્તા પર આધારિત છે.
- ઓરિઝોન્ટી જ્યુરીના અધ્યક્ષ જુલિયા ડુકોર્નાએ આ એવોર્ડની જાહેરાત કરી. ઓરિઝોન્ટી સ્ક્વેર વિશ્વભરની નવી અને સ્વતંત્ર ફિલ્મોના પ્રદર્શન માટે જાણીતું છે.
- અમેરિકન ફિલ્મ નિર્માતા **જીમ જાર્મુશે** 'ફાધર મધર સિસ્ટર બ્રધર' માટે ફેસ્ટિવલનો સર્વોચ્ચ સન્માન, શ્રેષ્ઠ ફિલ્મ માટે ગોલ્ડન લાયન જીત્યો.

- પાઓલો સોરેન્ટિનોની ઇટાલિયન ફિલ્મ 'લા ગ્રાઝિયા'માં થાકેલા રાષ્ટ્રપતિની ભૂમિકા માટે **<u>ટોની સર્વિલોને</u>** શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ આપવામાં આવ્યો.
- ચીની અભિનેત્રી **<u>ઝિન ઝિલેઈને</u>** 'ધ સન રાઇઝિસ ઓન અસ ઓલ'માં તેની ભૂમિકા માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો.
- ઇટાલિયન ફિલ્મ નિર્માતા **<u>ગિયાનફ્રાન્કો રોસીને</u>** તેમની બ્લેક-એન્ડ-વ્હાઇટ ડોક્યુમેન્ટરી 'બિલો ધ ક્લાઉડ્સ' માટે સ્પેશિયલ જ્યુરી પ્રાઇઝ એનાયત કરવામાં આવ્યો હતો.

### મુંબઈ ઉચ્ચ ન્યાયાલયના નવા મુખ્ય ન્યાયાધીશ

- કેન્દ્ર સરકારે **<u>જસ્ટિસ શ્રી ચંદ્રશેખરને</u>** બોમ્બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કર્યા.
- મુખ્ય ન્યાયાધીશ બનતા પહેલા જસ્ટિસ ચંદ્રશેખર બોમ્બે હાઈકોર્ટના સીટિંગ જજ હતા.
- સુપ્રીમ કોર્ટ કોલેજિયમે આ પદ માટે તેમના નામની ભલામણ કરી હતી.
- તેમણે 1993માં દિલ્હી સ્ટેટ બાર કાઉન્સિલથી પોતાની કાનૂની કારકિર્દી શરૂ કરી હતી અને લગભગ બે દાયકા સુધી રાષ્ટ્રીય રાજધાનીની વિવિધ અદાલતોમાં પ્રેક્ટિસ કરી હતી.
- જસ્ટિસ ચંદ્રશેખરને 2013માં ઝારખંડ હાઇકોર્ટના વધારાના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને જૂન 2014 માં તેમને કાયમી ન્યાયાધીશ બનાવવામાં આવ્યા હતા.

## 8 સપ્ટેમ્બર

### કઠોળ ઉત્પાદનને વધારવા માટે એક વિગતવાર યોજના



- નીતિ આયોગે ભારતના કઠોળ ઉત્પાદનને વધારવા માટે એક વિગતવાર યોજના બહાર પાડી છે.
- તેનો ઉદ્દેશ્ય **<u>2047 સુધીમાં ઉત્પાદન બમણું</u>** કરવાનો અને 2030 સુધીમાં સંપૂર્ણપણે આત્મનિર્ભર બનવાનો છે. 2030 સુધીમાં ઉત્પાદન 30.59 મિલિયન ટન સુધી પહોંચવાની ધારણા છે.
- ભારત હાલમાં વૈશ્વિક સ્તરે કઠોળનો સૌથી મોટો ઉત્પાદક અને ગ્રાહક છે. કઠોળ ક્ષેત્ર 5 કરોડથી વધુ ખેડૂતોની આજીવિકાનો આધાર છે.
- ભારતમાં લગભગ 80% કઠોળ વરસાદ આધારિત વિસ્તારોમાં ઉગાડવામાં આવે છે.
- ભારતનું વૈવિધ્યસભર વાતાવરણ 12 પ્રકારના કઠોળના ઉત્પાદન માટે યોગ્ય છે.
- ભારતના **<u>મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન</u>** કુલ ઉત્પાદનમાં **<u>55%</u>** ફાળો આપે છે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## જ્યોર્જિયો અરમાનીજ્યોર્જિયો અરમાનીનું અવસાન



- પ્રખ્યાત ઇટાલિયન ફેશન આઇકોન અને અબજોપતિ ઉદ્યોગ સાહસિક જ્યોર્જિયો અરમાનીનું અવસાન થયું.
- ફેશન જગતમાં લાવણ્યને ફરીથી ઉજાગર કરવામાં તેમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો.
- અરમાનીએ પુરુષો અને સ્ત્રીઓ માટે આધુનિક ટેલરિંગમાં ક્રાંતિ લાવી.
- તેમના જીવનકાળ દરમિયાન, તેમને અનેક પ્રતિષ્ઠિત સન્માનો મળ્યાં. જેમાં ફ્રાન્સનો લીજન ઓફ ઓનર અને ઇટાલીનો ઓર્ડર ઓફ મેરિટ ફોર લેબરનો સમાવેશ થાય છે.

## 8 સપ્ટેમ્બર: આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ




- વર્ષ 2025માં 58મી આવૃતિ ઉજવવામાં આવી.
- આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ 2025ની થીમ **'ડિજિટલ યુગમાં સાક્ષરતાને પ્રોત્સાહન'** છે.
- 26 ઓક્ટોબર 1966 ના રોજ, યુનેસ્કોએ 8 સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ તરીકે જાહેર કર્યો.
- 1967માં, પ્રથમ આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ ઉજવવામાં આવ્યો.
- ટકાઉ વિકાસ લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે 2015માં સંયુક્ત રાષ્ટ્રના કાર્યક્રમમાં આ દિવસનો સમાવેશ કરવામાં આવ્યો.

## કોકીચી અકુઝાવા

- કોકિચી અકુઝાવા 102 વર્ષની ઉંમરે માઉન્ટ ફુજીના શિખર પર પહોંચનાર સૌથી વૃદ્ધ વ્યક્તિ બન્યા.
- માઉન્ટ ફુજી જાપાનનું સૌથી ઊંચું શિખર છે, જે 3776 મીટર (12388ફૂટ) સુધી ઊંચું છે.
- અકુઝાવાએ અગાઉ 96 વર્ષની ઉંમરે પણ આ જ રેકોર્ડ બનાવ્યો હતો.

## 8 સપ્ટેમ્બર: વિશ્વ ફિઝિયોથેરાપી દિવસ




- આરોગ્ય ક્ષેત્રમાં ફિઝીયોથેરાપીની ભૂમિકા વિશે જાગૃતિ લાવવા માટે પણ આ દિવસ ઉજવવામાં આવે છે.
- વિશ્વ ફિઝીયોથેરાપી દિવસ 1951માં વર્લ્ડ કન્ફેડરેશન ઓફ ફિઝીયોથેરાપીની સ્થાપનાને ચિહ્નિત કરે છે.
- આ વર્ષે, વિશ્વ ફિઝીયોથેરાપી દિવસની થીમ ***'સ્વસ્થ વૃદ્ધત્વ'*** છે, જેમાં નબળાઈ અને પડી જવાથી બચવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
- **પેર હેનરિક લિંગને "ફિઝીયોથેરાપીના પિતા"** તરીકે ઓળખવામાં આવે છે.

# 9 સપ્ટેમ્બર

## ભૂપેન્દ્ર ગુપ્તા NHPCના અધ્યક્ષ બન્યા



- ભૂપેન્દ્ર ગુપ્તાએ NHPC લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર (CMD) તરીકે સત્તાવાર રીતે કાર્યભાર સંભાળ્યો.
- આ પદ સંભાળતાં પહેલાં, તેઓ THDC ઇન્ડિયા લિમિટેડમાં ડિરેક્ટર (ટેકનિકલ) તરીકે કાર્યરત હતા.
- તેઓએ ભૂટાનમાં 1020 મેગાવોટના તાલા હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટમાં યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત તેઓએ ભારતની સૌથી મોટી જળવિદ્યુત પરિયોજના નાથપા જળવિદ્યુત યોજનામાં પણ કામ કર્યું છે તેમજ ભૂટાનમાં પુનાત્સાંગચુ હાઇડ્રોપાવર પ્રોજેક્ટ ઓથોરિટીમાં ડિરેક્ટર (ટેકનિકલ) તરીકે પણ ફરજ બજાવી છે.

## ITTF - ATTU એશિયાઈ ટેનિસ ચેમ્પિયનશિપ



- ITTF-ATTU એશિયન ટેબલ ટેનિસ ટીમ ચેમ્પિયનશિપ **ભુવનેશ્વરમાં** આયોજિત થશે.
- ચેમ્પિયનશિપમાં પુરુષો અને મહિલાઓ માટે અલગ-અલગ ટીમ ઇવેન્ટ્સનો સમાવેશ થશે જે 2026 ITTF વર્લ્ડ ટીમ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાયર તરીકે પણ કામ કરશે.
- ઓડિશા ખાતે અગાઉ 2019 કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનું આયોજન કર્યું હતું.
- ભુવનેશ્વરને ભારતની રમતગમતની રાજધાની માનવામાં આવે છે.

## વરિષ્ઠ પત્રકાર સંકર્ષણ ઠાકુરનું નિધન



- **ધ ટેલિગ્રાફના** સંપાદક સંકર્ષણ ઠાકુરનું ગુડગાંવ ખાતે નિધન થયું.
- ઠાકુર તેમના તીક્ષ્ણ રાજકીય વિશ્લેષણ અને ગ્રાઉન્ડ લેવલના અહેવાલો માટે જાણીતા હતા.
- તેમણે **સિંગલ મેન: ધ લાઈફ એન્ડ ટાઈમ્સ ઓફ નીતિશ કુમાર** અને **ધ બ્રધર્સ બિહારી** જેવાં પુસ્તકો લખ્યાં છે.
- 2001માં તેમને રાજકીય પત્રકારત્વમાં શ્રેષ્ઠતા માટે પ્રેમ ભાટિયા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

## દક્ષિણ ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર 2025

- તેલુગુ, કન્નડ, તમિલ અને મલયાલમ સિનેમામાં શ્રેષ્ઠતાની ઉજવણી કરવા માટે, સાઉથ ઇન્ડિયન ઇન્ટરનેશનલ મૂવી એવોર્ડ્સ 2025 (SIIMA) **દુબઈમાં** યોજાયો હતો.
- **અલ્લુ અર્જુનને** પુષ્પા 2: ધ રૂલ માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો, જ્યારે **રશ્મિકા મંદાનાને** શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો. **સુકુમાર સેનને** પુષ્પા 2 માટે શ્રેષ્ઠ નિર્દેશકનો એવોર્ડ અપાયો.

- તેલુગુ બ્લોકબસ્ટર ફિલ્મ **કલ્કી 2898 ADએ** પણ ઘણા પુરસ્કારો જીત્યા, જેમાં અમિતાભ બચ્ચન અને કમલ હાસનને તેમની ભૂમિકાઓ માટે સન્માનિત કરવામાં આવ્યા.
- અભિનેત્રી ત્રિશાને દક્ષિણ ભારતીય સિનેમામાં 25 વર્ષથી વધુ સમય સુધીના તેમના અદ્ભુત કાર્ય માટે સન્માનિત કરવામાં આવી.

### ભારતે હોકી એશિયા કપ જીત્યો

- ભારતે બિહાર ખાતે એશિયા કપ હોકીની ફાઇનલમાં દક્ષિણ કોરિયાને 4-1થી હરાવીને હોકી એશિયા કપ જીત્યો.
- આ સાથે, ભારત 2026 હોકી વર્લ્ડ કપ માટે સીધું ક્વોલિફાય થઈ ગયું.
- મેચ દરમિયાન સુખજીતસિંહે 31 સેકન્ડમાં સૌથી ઝડપી ગોલ કરીને ભારતની જીત માટે યોગદાન આપ્યું.

### ડો. ગીતા વાણી રૈસમ CSIRના નવા ડિરેક્ટર

- ડૉ. ગીતા વાણી રૈસમે CSIRના ડિરેક્ટર તરીકેનો ચાર્જ સંભાળ્યો.
- **CSIR - નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ કોમ્યુનિકેશન એન્ડ પોલિસી રિસર્ચ.**
- તેમણે વિજ્ઞાન સંદેશાવ્યવહારમાં નવા અભિગમોની જરૂરિયાત પર ભાર મૂક્યો.
- **'કનેક્ટિંગ ધ અનકનેક્ટેડ' થીમ** હેઠળ, તેમણે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ કોમ્યુનિકેશન એન્ડ પોલિસી રિસર્ચની કલ્પનાને સાકાર કરવા પર ભાર મૂક્યો.
- નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ કોમ્યુનિકેશન એન્ડ પોલિસી રિસર્ચ નવી દિલ્હીમાં સ્થિત છે.

## 10 સપ્ટેમ્બર

### સ્વચ્છ વાયુ સર્વેક્ષણ અને આર્દ્રભૂમિ શહેર માન્યતા પુરસ્કાર

- પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે રાષ્ટ્રીય સ્વચ્છ હવા કાર્યક્રમ (NCAP) હેઠળ અગ્રણી શહેરોને સન્માનિત કર્યાં.
- હવાની ગુણવત્તા સુધારવામાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ અગિયાર શહેરોને સન્માનિત કરવામાં આવ્યા હતા.
- ઇન્દોર 200 પોઈન્ટ સાથે યાદીમાં ટોચ પર રહ્યું અને પર્યાવરણીય પ્રયાસો માટે તેને 1.5 કરોડ રૂપિયા પુરસ્કાર આપવામાં આવ્યો. આ શહેરે 1.6 મિલિયનથી વધુ વૃક્ષો વાવીને અને ઇલેક્ટ્રિક અને CNG બસોના સંચાલન માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.
- જબલપુર 199 પોઈન્ટ સાથે બીજા સ્થાને રહ્યું અને તેને કચરાને પ્રોસેસ કરી ઊર્જામાં પરિવર્તિત કરવા અને શહેરી હરિયાળી માટે ₹ 1 કરોડનું ઇનામ આપવામાં આવ્યું.
- આગ્રા અને સુરત 196 પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે રહ્યાં અને તેમને 25 લાખ રૂપિયા પુરસ્કાર આપવામાં આવ્યો.
- 3 થી 10 લાખ વસ્તી શ્રેણીમાં, અમરાવતી 200 પોઈન્ટ સાથે ટોચ પર રહ્યું અને તેને 75 લાખ રૂપિયા પુરસ્કાર આપવામાં આવ્યો. ઝાંસી અને મુરાદાબાદ 198.5 પોઈન્ટ સાથે બીજા ક્રમે રહ્યાં.

- સર્વેક્ષણ હેઠળ અલવરને 3થી 10 લાખની વસ્તી શ્રેણીમાં (ત્રીજુ સ્થાન) પ્રથમ વખત એવોર્ડ વિજેતા તરીકે માન્યતા આપવામાં આવી.
- આર્દ્રભૂમિના રક્ષણ માટે રામસર કન્વેન્શન હેઠળ ઇન્દોર અને ઉદયપુરને આર્દ્રભૂમિ શહેરોનો દરજ્જો આપવામાં આવ્યો છે.
- ભારતમાં 13.6 લાખ હેક્ટરમાં ફેલાયેલા 91 રામસર-માન્યતા પ્રાપ્ત આર્દ્રભૂમિ વિસ્તાર છે, જે એશિયામાં સૌથી મોટા અને વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમના સૌથી મોટા વિસ્તારમાં સમાવિષ્ટ છે.

## CIL અને રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ નાણાં અને વિકાસ નિગમ (NSTFDC) વચ્ચે કરાર



- કોલ ઇન્ડિયા લિમિટેડ (CIL) અને રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ નાણાં અને વિકાસ નિગમ (NSTFDC) વચ્ચે કરાર થયો.
- આ કરારનો ઉદ્દેશ્ય 76 એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS)માં માળખાગત સુવિધાઓમાં સુધારો કરવાનો અને શૈક્ષણિક ક્ષમતાનું નિર્માણ કરવાનો છે.
- આ શાળાઓ છત્તીસગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ અને ઓડિશામાં આવેલી છે.
- NSTFDC એ આદિજાતિ બાબતોના મંત્રાલય હેઠળ કાર્યરત એક બિન-લાભકારી સંસ્થા છે.
- આ પ્રોજેક્ટથી લગભગ 30,000 આદિવાસી વિદ્યાર્થીઓને લાભ થશે.
- તે ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપશે, માર્ગદર્શન પૂરું પાડશે અને શાળાના માળખાને અપગ્રેડ કરશે.

## બાયોસ્ટિમ્યુલન્ટ ઉત્પાદનોને મંજૂરી




- ફર્ટિલાઇઝર કંટ્રોલ ઓર્ડર (FCO), 1985 હેઠળ બાયો-ઉત્તેજક ઉત્પાદનોને ઔપચારિક મંજૂરી મળી છે.
- કેન્દ્ર સરકાર બાયો-ઉત્તેજક ઉત્પાદનોને સંપૂર્ણપણે FCO નિયમન હેઠળ લાવી છે. આ પગલાનો ઉદ્દેશ્ય ગુણવત્તાના ધોરણો સુનિશ્ચિત કરવા અને ખેડૂતોના હિતોનું રક્ષણ કરવાનો છે.
- બાયો-સ્ટિમ્યુલન્ટ્સ એવા પદાર્થો અથવા સુક્ષ્મ સજીવો છે જે છોડના વિકાસ અને વિકાસમાં મદદ કરે છે.
- FCO હેઠળ, બાયોસ્ટીમ્યુલન્ટ ઉત્પાદનોને ઘણી શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવે છે.
- આમાં વનસ્પતિ અર્ક, એમિનો એસિડ, વિટામિન, હ્યુમિક અને ફુલવિક એસિડ, એન્ટીઑક્સિડન્ટ, પ્રોટીન હાઇડ્રોલિસેટ્સ, માઇક્રોબાયલ ઉત્પાદનો, એન્ટિ-ટ્રાન્સપિરન્ટ્સ અને જીવંત સુક્ષ્મ સજીવો સામેલ છે.
- સરકારે વર્તમાનમાં 8,000થી વધુ બાયો સ્ટીમ્યુલન્ટ ઉત્પાદનો માટે મંજૂરી આપી છે.

### આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સંમેલન

- કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે **‘વૈશ્વિક પ્રગતિ માટે અવકાશનો ઉપયોગ: નવીનતા, નીતિ અને વિકાસ’ થીમ** પર આંતરરાષ્ટ્રીય અવકાશ પરિષદ 2025નું ઉદ્ઘાટન કર્યું.
- મંત્રીશ્રીએ ભારતના મહત્વાકાંક્ષી લક્ષ્યોની જાહેરાત કરી, જેમાં 2035 સુધીમાં ભારતીય અવકાશ મથક અને 2040 સુધીમાં ચંદ્ર પર અવકાશયાત્રીને ઉતારવાનો સમાવેશ થાય છે.

## 11 સપ્ટેમ્બર

### 11 સપ્ટેમ્બર: રાષ્ટ્રીય વન શહીદ દિવસ




- પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે 2013માં 11 સપ્ટેમ્બરને રાષ્ટ્રીય વન શહીદ દિવસ તરીકે સત્તાવાર રીતે જાહેર કર્યો.
- આ દિવસની સ્થાપના સાથે **ખેજરલી દુર્ઘટનાને** યાદ કરવામાં આવે છે.
- વન શહીદ દિવસની શરૂઆત 1730માં થઈ હતી, જ્યારે ખેજરલીમાં જંગલ અને પ્રાણીઓનું રક્ષણ કરતી વખતે **બિશ્નોઈ સમુદાયના** 363 લોકોની હત્યા કરવામાં આવી હતી.
- તેમણે **મહારાજા અભયસિંહના** આદેશનો વિરોધ કર્યો જેમાં તેમના કર્મચારીઓને તેમના મહેલના બાંધકામ માટે વૃક્ષો કાપવાની ફરજ પાડવામાં આવી હતી.
- આ વર્ષે, 11 સપ્ટેમ્બરના રોજ પલામુ ટાઇગર રિઝર્વમાં ફરજ બજાવતા શહીદ થયેલા વન કર્મચારીઓ અને અધિકારીઓની યાદમાં રાષ્ટ્રીય વન શહીદ દિવસની ઉજવણી કરવામાં આવી.

### જ્ઞાન ભારતમ અભિયાન




- ભારતના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા એક રાષ્ટ્રીય પહેલ તરીકે આ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.
- આ અભિયાન ભારતના વિશાળ હસ્તપ્રત વારસાના સંરક્ષણ, ડિજિટાઇઝેશન અને શેરિંગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- આ પહેલનો ઉદ્દેશ્ય જ્ઞાનના ક્ષેત્રમાં ભારતને વૈશ્વિક નેતા તરીકે પુનઃસ્થાપિત કરવાનો છે.
- આ અભિયાનમાં દુર્લભ ગ્રંથોનું ભાષાંતર અને પ્રકાશન કરવામાં આવશે.



### ✚ બ્લોક એવરિથિંગ આંદોલન



- રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને **<u>સેબેસ્ટિયન લેકોર્નુંને</u>** વડાપ્રધાન તરીકે નિયુક્ત કર્યા પછી સમગ્ર **<u>ફ્રાન્સમાં</u>** વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યાં.
- 'બ્લોક એવરીથિંગ' ચળવળના બેનર હેઠળ હજારો વિરોધીઓ રસ્તાઓ પર ઉતરી આવ્યા.
- વિરોધ પ્રદર્શનના આયોજકોએ કહ્યું કે ફ્રાન્કોઇસ બાયરોના રાજીનામાથી તેમની મુખ્ય ચિંતાઓનો ઉકેલ આવ્યો નથી. તેમનું માનવું છે કે મંત્રીમંડળમાં ફેરફાર વાસ્તવિક પરિવર્તન લાવવામાં નિષ્ફળ ગયો છે.

### ✚ માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ નેવર અલોન




- નવી દિલ્હી સ્થિત ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ દ્વારા **<u>'નેવર અલોન'</u>** નામનો AI-આધારિત માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.
- આ પહેલનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓની આત્મહત્યાનો સામનો કરવાનો અને માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ વધારવાનો છે.
- આ કાર્યક્રમ વોટ્સએપ-સક્ષમ એપ્લિકેશન દ્વારા માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતો સાથે ચોવીસ કલાક કાઉન્સેલિંગ પૂરું પાડશે.
- પ્રતિ વિદ્યાર્થી માત્ર 70 પૈસા પ્રતિ દિવસના ખર્ચે વ્યક્તિગત માનસિક સ્વાસ્થ્ય તપાસ પૂરી પાડવામાં આવશે.
- આ યોજના હેઠળ 5,000થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી સંસ્થાઓને લક્ષ્ય બનાવવામાં આવી રહી છે.
- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય આત્મહત્યા સાથે સંકળાયેલા કલંકને ઘટાડવાનો અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો છે.
- નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) ના ડેટા અનુસાર, 2022માં ભારતમાં 1.7 લાખથી વધુ લોકોએ આત્મહત્યા કરી હતી.
- કુલ આત્મહત્યાઓમાં 18થી 30 વર્ષની વયના યુવાનોનો હિસ્સો 35% હતો.

## 12 સપ્ટેમ્બર

### ✚ સમુદ્ર પ્રદક્ષિણા



- રક્ષા મંત્રી રાજનાથ સિંહે 'સમુદ્ર પ્રદક્ષિણા' અભિયાન શરૂ કર્યું.
- આ વિશ્વનું **<u>પ્રથમ મહિલા ત્રિ-સેવા નૌકા પરિક્રમા અભિયાન</u>** છે.
- તેનું ઉદ્ઘાટન ગેટવે ઓફ ઈન્ડિયા, મુંબઈથી કરવામાં આવ્યું.
- આ સફર નવ મહિના ચાલશે અને આશરે 26,000 નોટિકલ

Crack GPSC

માઇલનું અંતર કાપશે.

- આ ક્રૂ મુખ્ય સમુદ્રી પાણીમાં સફર કરશે. ક્રૂ કેપ લીયુવિન, કેપ હોર્ન અને કેપ ઓફ ગુડ હોપની આસપાસ ફરશે.
- ક્રૂ મેમ્બર બે વાર વિષુવવૃત્ત પાર કરશે. ચાર આંતરરાષ્ટ્રીય બંદરો પર રોકાણ કરશે
- ચાર આંતરરાષ્ટ્રીય બંદર સ્ટોપમાં ફ્રેમન્ટલ (ઓસ્ટ્રેલિયા), લિટ્ટેલ્ટન (ન્યુઝીલેન્ડ), પોર્ટ સ્ટેનલી (કેનેડા) અને કેપ ટાઉન (દક્ષિણ આફ્રિકા)નો સમાવેશ થાય છે.
- ટીમ મે 2026 સુધીમાં મુંબઈ પરત ફરશે.
- IASV ત્રિવેણી એ 50 ફૂટ લાંબુ ક્લાસ A સેઇલિંગ જહાજ છે. તે પુડુચેરીમાં સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું છે.
- સેઇલિંગ ટીમનું નેતૃત્વ લેફ્ટનન્ટ કર્નલ અનુજા વરુડકર કરી રહ્યા છે.

## INS અરાવલી




- ભારતીય નૌકાદળે **<u>ગુરુગ્રામ ખાતે INS અરવલી લોન્ચ</u>** કર્યું.
- INS અરાવલીના પ્રક્ષેપણથી ભારતની દરિયાઇ સંરક્ષણ ક્ષમતાઓમાં એક મોટી સફળતા છે.
- INS અરાવલી નામ અરવલ્લી પર્વતમાળા પરથી રાખવામાં આવ્યું છે.
- તે સંદેશાવ્યવહાર અને માહિતી પ્રણાલી માટે એક મુખ્ય કેન્દ્ર તરીકે સેવા આપશે. આ જહાજ નૌકાદળના ડિજિટલ માળખાને વધારશે અને દરિયાઈ દેખરેખ અને ઓપરેશનલ સંકલનમાં સુધારો કરશે.
- નૌકાદળના વડા એડમિરલ **<u>દિનેશ કે ત્રિપાઠીએ</u>** લોન્ચિંગ સમારોહની અધ્યક્ષતા કરી હતી.

## આચાર્ય દેવવ્રતને મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે વધારાનો ચાર્જ



- ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો.
- મહારાષ્ટ્રના વર્તમાન રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણન ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ રાજીનામું આપતાં આ નિમણૂક કરવામાં આવી છે.
- શ્રી રાધાકૃષ્ણનને એનડીએ દ્વારા ઉપરાષ્ટ્રપતિ પદ માટે નામાંકિત કરવામાં આવ્યા હતા. તેમણે વિપક્ષી ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીને 152 મતોથી હરાવીને ચૂંટણી જીતી.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## આદિ સંસ્કૃતિ ડિજિટલ પ્લેટફોર્મ




- કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા ડિજિટલ પ્લેટફોર્મ **'આદિ સંસ્કૃતિ'નું બીટા વર્ઝન** લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ પ્લેટફોર્મને **'વિશ્વની પ્રથમ ડિજિટલ યુનિવર્સિટી'** તરીકે વર્ણવવામાં આવ્યું છે જે આદિવાસી સમુદાયોના જ્ઞાન અને સંસ્કૃતિને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ છે.
- આ પ્લેટફોર્મ ત્રણ મુખ્ય ઘટકોમાં રચાયેલ છે: 1. આદિ વિશ્વવિદ્યાલય (ડિજિટલ ટ્રાઇબલ આર્ટ્સ એકેડમી), 2. આદિ સંપદા (સામાજિક-સાંસ્કૃતિક ભંડાર) અને 3. આદિ હાટ (ડિજિટલ માર્કેટપ્લેસ).
- આ પ્લેટફોર્મનું લોન્ચિંગ આદિવાસી બાબતોના રાજ્યમંત્રી દુર્ગાદાસ ઉઇકે દ્વારા નવી દિલ્હીમાં કરવામાં આવ્યું હતું.
- હાલમાં, આદિ વિશ્વવિદ્યાલય ઘટક દ્વારા આદિવાસી નૃત્ય શૈલીઓ, ચિત્રકામ, હસ્તકલા, સંગીત અને લોકવાયકા પર 45 સઘન અભ્યાસક્રમો કરવામાં આવે છે.
- આદિ સંપદા સંગ્રહમાં હવે ચિત્રો, નૃત્યો, પોશાક અને કાપડ, કલાકૃતિઓ અને આજીવિકા પ્રથાઓ જેવા વિષયોને આવરી લેતા 5,000 થી વધુ એકત્રિત દસ્તાવેજો છે.
- આદિ હાટ ડિજિટલ બજાર હાલમાં TRIFED (ટ્રાઇબલ કોઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ) સાથે સંકળાયેલું છે અને આદિવાસી કારીગરોની આજીવિકાને સીધી રીતે ટેકો આપવા માટે એક સમર્પિત ઓનલાઇન માર્કેટપ્લેસ તરીકે વિકસાવવાની યોજના છે.

## NSIL, ISRO, IN-SPACE અને HAL વચ્ચે કરાર



- ન્યૂસ્પેસ ઇન્ડિયા લિમિટેડ (NSIL), ISRO, ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઇઝેશન સેન્ટર (IN-SPACE) અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) એ ટેકનોલોજી ટ્રાન્સફર કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
- આ કરારમાં નાના ઉપગ્રહ માટે પ્રક્ષેપણ વાહન (SSLV) ટેકનોલોજીના ટ્રાન્સફરનો સમાવેશ થાય છે.
- ઇસરોએ વિકસાવેલ આ વાહનનો ઉદ્દેશ્ય નાના ઉપગ્રહ પ્રક્ષેપણ માટે વધતા જતા વૈશ્વિક બજારને લાભ આપવાનો છે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC

# 13 સપ્ટેમ્બર

## વિશ્વ પ્રાથમિક ચિકિત્સા દિવસ




- દર વર્ષે **<u>સપ્ટેમ્બરના બીજા શનિવારે</u>** વિશ્વ પ્રાથમિક સારવાર દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે આ દિવસ 13 સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવ્યો.
- વિશ્વ પ્રાથમિક સારવાર દિવસ 2025ની થીમ **<u>'પ્રાથમિક સારવાર અને આબોહવા પરિવર્તન'</u>** છે.
- વિશ્વ પ્રાથમિક ચિકિત્સા દિવસ સૌપ્રથમ 2000 માં ઇન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડ ક્રોસ અને રેડ ક્રેસન્ટ સોસાયટીઝ દ્વારા ઉજવવામાં આવ્યો હતો.

## સુશીલા કાર્કી



- સુશીલા કાર્કી **<u>નેપાળનાં અંતરિમ વડાપ્રધાન બનનાર પ્રથમ મહિલા</u>** બન્યાં.
- રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલના અધ્યક્ષ સ્થાને શિતલ નિવાસ ખાતે આયોજિત સમારોહમાં તેમણે પદના શપથ લીધા.
- યુવા આગેવાની હેઠળના રાષ્ટ્રવ્યાપી આંદોલનના દબાણ વચ્ચે ભૂતપૂર્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ રાજીનામું આપ્યા બાદ તેમની નિમણૂક કરવામાં આવી છે.
- જનરેશન ઝેડ કાર્યકરો દ્વારા ચલાવવામાં આવતી આ ચળવળ, પોસ્ટ-સેકન્ડરી યુગમાં દેશને માર્ગદર્શન આપવા માટે તટસ્થ નેતાની માંગ કરતી હતી.
- ડિસકોર્ડ પ્લેટફોર્મ પર હાથ ધરવામાં આવેલા ઓનલાઈન પબ્લિક પોલ દ્વારા જનરેશન ઝેડના નેતાઓ દ્વારા કાર્કીની પસંદગી કરવામાં આવી હતી.
- જુલાઈ 2016માં, તે નેપાળનાં પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ બન્યાં હતાં. તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે ભ્રષ્ટાચાર સાથે સંકળાયેલા કેસોમાં મહત્વપૂર્ણ ચૂકાદાઓ આપ્યા હતા.
- સપ્ટેમ્બરમાં અનેક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર દેશવ્યાપી પ્રતિબંધ બાદ નેપાળમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયાં હતાં.

## સાઉદી અરબ આભૂષણ પ્રદર્શન

- ભારતે **<u>જેદ્દાહમાં</u>** સાઉદી અરેબિયા જ્વેલરી પ્રદર્શન (SAJEX) 2025નું આયોજન કર્યું.
- SAJEX 2025નો ઉદ્દેશ્ય સાઉદી અરેબિયા સાથે વેપાર સંબંધોને પ્રોત્સાહન આપવાનો અને ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC) અને વૈશ્વિક બજારોમાં ભારતની પહોંચને વિસ્તૃત કરવાનો છે.
- SAJEX 2025નું આયોજન જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (GJEPC) દ્વારા કરવામાં આવી રહ્યું છે.

- ભારતે 2024-25માં $ 32 બિલિયનનાં રત્નો અને ઝવેરાતની નિકાસ કરી હતી.
- ભારત દર વર્ષે એક અબજથી વધુ હીરાનું પ્રોસેસિંગ કરે છે.
- મૂલ્યની દ્રષ્ટિએ તે વૈશ્વિક હીરાના વેપારમાં 65% અને જથ્થાની દ્રષ્ટિએ 92% હિસ્સો ધરાવે છે.

## દા વિંચી સર્જિકલ રોબોટ




- AIIMS, નવી દિલ્હીએ તેના સ્કિલ્સ, ઇ-લર્નિંગ અને ટેલિમેડિસિન (SET) સેન્ટર ખાતે દા વિન્સી સર્જિકલ રોબોટ લોન્ચ કર્યો છે.
- આ બાબત ભારતના તબીબી તાલીમ ક્ષેત્રમાં એક મોટું પગલું માનવામાં આવે છે.
- દિલ્હીની એઇમ્સ હવે દેશની એકમાત્ર સંસ્થા બની ગઈ છે જેમાં શિક્ષણ અને તાલીમ માટે રોબોટિક સિસ્ટમનો ઉપયોગ થાય છે.
- સંસ્થા પાસે મેડટ્રોનિક દ્વારા વિકસિત હ્યુગો રોબોટિક ટ્રેનર પહેલેથી કાર્યરત છે અને વધુમાં નવો રોબોટ દા વિંચી કાર્યરત કર્યો.
- દા વિન્સી રોબોટ વિવિધ વિશેષતાઓમાં સર્જિકલ કૌશલ્ય વિકાસમાં મદદ કરશે. જેમાં યુરોલોજી, ગાયનેકોલોજી, જનરલ સર્જરી, સર્જિકલ ઓન્કોલોજી, માથા અને ગરદનની સર્જરીનો સમાવેશ થાય છે.

## પી. વી. નરસિંહરાવ પુરસ્કાર



- સ્વર્ગસ્થ ભૂતપૂર્વ વડાપ્રધાન **<u>ડૉ. મનમોહન સિંહને</u>** અર્થશાસ્ત્ર માટે પી. વી. નરસિંહરાવ મેમોરિયલ પુરસ્કાર (મરણોત્તર) એનાયત કરવામાં આવ્યો.
- આ પુરસ્કાર ભારતના આર્થિક સુધારાઓમાં તેમની ભૂમિકા અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને માન્યતા આપે છે.
- આ એવોર્ડ તેમના વતી તેમનાં પત્ની ગુરશરણ કૌરે નવી દિલ્હી ખાતે સ્વીકાર્યો હતો.
- હૈદરાબાદ સ્થિત પી. વી. નરસિંહ રાવ મેમોરિયલ ફાઉન્ડેશન (PVNMF) દ્વારા અર્થશાસ્ત્રમાં શ્રેષ્ઠતા માટે આ પુરસ્કાર આપવામાં આવે છે.

## નમો ભારત ટ્રેન



- નમો ભારત ભારતની સૌથી ઝડપી ટ્રેન બની, જે **<u>દિલ્હી અને મેરઠ</u>** વચ્ચે ફક્ત એક કલાકના સમયમાં સંચાલિત થાય છે. જેની ઝડપ **<u>160 km/hr</u>** છે.
- અગાઉ, ગતિમાન એક્સપ્રેસ અને વંદે ભારત જેવી સેમી-હાઈ-સ્પીડ ટ્રેનોને 160 કિમી/કલાકની ગતિની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ, જૂન 2024માં એક નિર્દેશ બાદ તેમની ગતિ 130 કિમી/કલાક સુધી મર્યાદિત કરવામાં આવી હતી.

- નમો ભારત પ્રોજેક્ટ, કેન્દ્ર (50%) અને દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાન (દરેક 12.5%) રાજ્ય સરકારોનું સંયુક્ત સાહસ, ભારતની પ્રથમ પ્રાદેશિક ઝડપી પરિવહન સિસ્ટમ છે.

## 14 સપ્ટેમ્બર

### 14 સપ્ટેમ્બર: હિંદી દિવસ




- 14 સપ્ટેમ્બર 1949ના રોજ, બંધારણ સભાએ દેવનાગરી લિપિમાં હિંદીને ભારતીય સંઘની સત્તાવાર ભાષા તરીકે **બંધારણની કલમ 343** અંતર્ગત અપનાવી.
- 1953થી, 14 સપ્ટેમ્બરને દેશભરમાં હિંદી દિવસ તરીકે ઉજવવાની ઘોષણા કરવામાં આવી.
- હિંદી સૌથી વધુ બોલાતી ભાષાઓમાંની એક છે અને વિશ્વભરમાં 60 કરોડ લોકો તે બોલે છે.
- દર વર્ષે **10 જાન્યુઆરીએ** વિશ્વ હિંદી દિવસ ઉજવવામાં આવે છે.

### C -DOT અને PNB વચ્ચે સમજૂતી

- C -DOT (સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિક્સે) પંજાબ નેશનલ બેંક સાથે પીએનબીના આઇટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનિકલ પરિવર્તન માટે કરાર થયા.
- આ સહયોગ સ્વદેશી, સુરક્ષિત બેંકિંગ સોલ્યુશન્સ પૂરા પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. જેમાં AI, સાયબર સુરક્ષા અને ક્વોન્ટમ કોમ્યુનિકેશન ટેકનોલોજીનો સમાવેશ થાય છે.

### વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ અમદાવાદ




- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના **નારણપુરામાં** વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કર્યું.
- આ કૉમ્પ્લેક્સ કોમનવેલ્થ ગેમ્સ અને ઑલિમ્પિક રમતોત્સવ માટે અમદાવાદને સજ્જ કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું બનશે.
- આ સ્પૉર્ટ્સ કૉમ્પ્લેક્સમાં 6 સંકુલમાં વિવિધ રમતોના આયોજન માટે વિશ્વસ્તરીય સુવિધા તૈયાર કરવામાં આવી છે તથા સામાન્ય લોકો માટે પણ વિવિધ યોગ, જોગિંગ સહિતની સુવિધા છે.
- આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં 7 ઓલિમ્પિક કક્ષાની રમતો પણ રમી શકાશે. જેમાં અત્યંત અગત્યની એશિયન એકવાટિક અને વર્લ્ડ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપનો પણ સમાવેશ થશે.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack GPSC easily with...
CRACK GPSC

## સંતૃપ્તિ અભિયાન




- **નાણાકીય સેવા વિભાગ મંત્રાલય** દ્વારા 2.70 લાખ ગ્રામ પંચાયતો અને શહેરી સ્થાનિક સંસ્થાઓમાં 3 મહિના માટે આ અભિયાન ચલાવવામાં આવશે.
- આ અભિયાન અંતર્ગત પ્રધાનમંત્રી જનધન યોજના ખાતું ખોલાવવું, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના/પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના/અટલ પેન્શન યોજનાની નોંધણી કરવી, કેવાયસી બાકી હોય તેવા બધા જ બચત ખાતામાં કેવાયસી કરાવવું, ડિજિટલ છેતરપિંડી નિવારણ અને દાવા વગરની થાપણો પર જાગૃતિ સત્રનું આયોજન કરવું વગેરનો સમાવેશ થાય છે.

# 15 સપ્ટેમ્બર

## મહિલા વેલનેસ ક્લિનિક, કેરળ

- કેરળમાં 5,000થી વધુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર દર મંગળવારે મહિલાઓ માટે ખાસ વેલનેસ ક્લિનિક ચલાવવામાં આવશે.
- આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય મહિલાઓને કેન્સર,એનીમિયા, ડાયાબિટીસ, બીપી જેવા રોગોની તપાસ અને સારવાર માટે પ્રોત્સાહિત કરવાનો છે.
- દર સપ્તાહે નિશ્ચિત દિવસે ક્લિનિકલ કાર્યક્રમના આયોજનને કારણે મહિલાઓ સમયસર મેડિકલ સલાહ લઈ શકશે અને રોગમુક્ત થઈ શકશે.

## સરદાર કથા




- સરદાર ધામ અને નેશનલ કાઉન્સિલ ઓફ ગુજરાતી ઓર્ગેનાઈઝેશન દ્વારા લંડનમાં પહેલી વખત સરદાર કથાનું આયોજન કરવામાં આવ્યું છે.
- આઝાદીની ચળવળમાં મહત્વનો ભાગ ભજવનાર સરદાર વલ્લભભાઇ પટેલની સાર્ધ શતાબ્દી (150મી જન્મજંયતી અંતર્ગત) વર્ષ નિમિતે કથાનું આયોજન કરવામાં આવ્યું છે.
- સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણના સંકલ્પ સાથે યુવાશકિતના સર્વાંગી વિકાસ માટે આ કથાનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ કથામાં મુખ્ય વક્તા તરીકે પૂર્વ ક્લાસ 1 અધિકારી અને મોટીવેશનલ સ્પીકર **શૈલેષ સગપરિયા** છે.
- યુનિક એન્ડ ઈનક્રેડિબલ સ્ટોરીસ ફ્રોમ ધ લાઈફ ઓફ સરદાર વિષય અંતર્ગત સરદાર વલ્લભાઈ પટેલના પ્રેરણાદાયી જીવનપ્રસંગો રજૂ કરવામાં આવશે.
- શૈલેષ સગપરિયાએ કહ્યું કે, અત્યાર સુધીમાં 11 સરદાર કથાનું આયોજન થઈ ચૂક્યું છે. સરદાર પટેલના જીવન વિશે જાણવા માટે 35 જેટલાં વિવિધ પુસ્તકો અને રિસર્ચ પેપરનો તેમણે અભ્યાસ કર્યો છે.

## UPIથી 10 લાખ સુધીની ચૂકવણી




- યુપીઆઇ યુઝર્સ હવે વીમા પ્રીમિયમ, કેપિટલ માર્કેટમાં રોકાણ માટે યુપીઆઈથી વધુ પૈસા મોકલી શકશે.
- **NPCI** (નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા)એ યુપીઆઇ ટ્રાન્ઝેક્શનની મર્યાદા વધારી દીધી છે.
- નવી સિસ્ટમ અનુસાર હવે વીમા પ્રૉમિયમ, મૂડી બજાર રોકાણ, સરકારી ઈ-માર્કેટપ્લેસ અને ટ્રાવેલ સેક્ટરમાં **24 કલાકમાં** મહત્તમ **10 લાખ** રૂપિયા ચૂકવી શકાય છે. પહેલાં આ મર્યાદા **5 લાખ** રૂપિયા હતી.
- આ ફેરફારોનો હેતુ હાઇ-વેલ્યુ ટ્રાન્ઝેક્શનને સરળ અને સુરક્ષિત બનાવવાનો છે.

## અમિત ખરે ઉપરાષ્ટ્રપતિના સચિવ નિયુક્ત



- નિવૃત્ત આઈએએસ અને પીએમ મોદીના સલાહકાર **અમિત ખરેને** ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણનના સચિવ તરીકે નિયુક્ત કરાયા છે.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 તૈયાર કરનાર અને અમલમાં મૂકનાર મુખ્ય ટીમનો ભાગ રહેલા ખરેએ બિહારના 'ચારા કૌભાંડ'નો પર્દાફાશ કર્યો હતો.

## જેલ નેઇલ પોલિશ પર પ્રતિબંધ




- યુરોપિયન યુનિયન (ઈયુ)એ એક ખાસ કેમિકલવાળી જેલ નેઈલ પૉલિશ પર પ્રતિબંધ મૂક્યો છે.
- આ કેમિકલનું નામ **ટ્રાયમિથાઈલબેન્ઝોયલ ડાયફિનાઈલફોસ્ફાઈન ઓક્સાઈડ (TPO)** છે.
- ઈયુના 27 સભ્ય દેશોમાં આ કેમિકલનો ઉપયોગ કોસ્મેટિક ઉત્પાદનોમાં થઈ શકશે નહીં.
- TPO જેલ પૉલિશને યુવી અથવા એલઈડી પ્રકાશના સંપર્કમાં લાવીને સખત બનાવે છે. જેનાથી નેલ પૉલિશ લાંબા સમય સુધી ટકી રહે છે અને ચળકાટ આપે છે.
- યુરોપિયન કમિશને આ કેમિકલને **માનવ પ્રજનન માટે ઝેરી ગણાવી** તેને પ્રતિબંધિત પદાર્થોની યાદીમાં મૂક્યું છે.
- નિષ્ણાતોના મતે આ કેમિકલ સ્કિન કેન્સરને પણ આમંત્રણ આપી શકે છે. આ પ્રકારના રોગથી બચવા માટે નિષ્ણાતોએ મેનીક્યોર કરતાં પહેલાં હાથ પર બ્રોડ-સ્પેક્ટ્રમ સનસ્ક્રીન લગાવવાની સલાહ આપી છે.



## મહારાષ્ટ્ર મરાઠા અનામત આંદોલન



- જાલના જિલ્લામાં ઓબીસી, બંજારા અને આદિવાસી સમુદાયનાં સંગઠનોએ સરકારના મરાઠા સમુદાયને કુણબી જાતિ પ્રમાણપત્ર આપવાના આદેશનો વિરોધ કર્યો છે.
- સંગઠનોનું કહેવું છે કે આનાથી અનુસૂચિત જાતિ (એસી), અનુસૂચિત જનજાતિ (એસટી) અને અન્ય પછાત વર્ગ (ઓબીસી)ના અનામત પર અસર પડશે.
- બંજારા યુવાનો કલેક્ટર ઓફિસની બહાર અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ પર ઉતર્યા છે.

## સંરક્ષણ પ્રાપ્તિ માર્ગદર્શિકા (DPM) 2025

- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ દ્વારા સંરક્ષણ પ્રાપ્તિ માર્ગદર્શિકા (DPM) 2025ને મંજૂરી આપવામાં આવી છે.
- આ માર્ગદર્શિકાનો ઉદ્દેશ્ય સંરક્ષણ મંત્રાલયની મહેસૂલ પ્રાપ્તિ પ્રક્રિયાઓને આધુનિક અને સરળ બનાવવાનો છે.
- તે આધુનિક યુદ્ધની જરૂરિયાતો સાથે ખરીદીને અને નિર્ણય લેવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે રચાયેલ છે.
- તેનો ઉદ્દેશ્ય સશસ્ત્ર દળોને તેમના સંચાલન અને જાળવણી માટે મહેસૂલ શીર્ષક હેઠળ પુરવઠામાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાનો છે.
- આ માર્ગદર્શિકા સેના, નૌકાદળ અને વાયુસેના વચ્ચે વધુ સારા સંકલનને પ્રોત્સાહન આપે છે.
- DPM 2025 ખાનગી કંપનીઓ, MSME, સ્ટાર્ટ-અપ્સ અને સ્થાપિત સંરક્ષણ જાહેર ક્ષેત્રનાં સાહસો (DPSUs)ની ભાગીદારીને પ્રોત્સાહન આપે છે.

## એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ રાષ્ટ્રીય સંમેલન

- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે **નવી દિલ્હીમાં** એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) ચીફ્સની બીજી રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યું.
- આ વર્ષના પરિષદનો વિષય **‘સંયુક્ત સંકલ્પ, સહિયારી જવાબદારી’** રાખવામાં આવ્યો.
- 2021માં, અમિત શાહે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સમર્પિત ડ્રગ વિરોધી ટાસ્ક ફોર્સ સ્થાપવાનો નિર્દેશ આપ્યો.
- પ્રથમ રાષ્ટ્રીય ANTF પરિષદ **એપ્રિલ 2023માં** યોજાઈ હતી.

## ભારતનું પ્રથમ વાંસ આધારિત બાયોઇથેનોલ સંયંત્ર

- વડાપ્રધાન મોદીએ **આસામના ગોલાઘાટ જિલ્લામાં** ભારતના પ્રથમ વાંસ આધારિત બાયો-ઇથેનોલ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું.
- આ પ્લાન્ટ બાયો-ઇથેનોલ બનાવવા માટે વાંસનો ઉપયોગ કરશે.

- તેમણે રિફાઇનરી સ્થળ પર પોલીપ્રોપીલીન યુનિટનો શિલાન્યાસ પણ કર્યો.

## 77 મો એમી પુરસ્કાર

- ટેલિવિઝનમાં શ્રેષ્ઠતાને સન્માનિત કરવા 77મો એમી એવોર્ડ સમારોહ લોસ એન્જલસમાં યોજાયો.
- સર્વશ્રેષ્ઠ ડ્રામા સિરીઝ - ધ પિટ
- શ્રેષ્ઠ ટેલિવિઝન ફિલ્મ - બ્રિજેટ જોન્સ
- શ્રેષ્ઠ અભિનેતા (નાટક શ્રેણી) - નોહ વાયલી, ધ પીટ
- શ્રેષ્ઠ અભિનેત્રી (નાટક શ્રેણી) - બ્રિટ લોઅર, સેવરેન્સ
- શ્રેષ્ઠ અભિનેત્રી (કોમેડી શ્રેણી) - જીન સ્માર્ટ, હેક્સ
- શ્રેષ્ઠ અભિનેતા (કોમેડી શ્રેણી) - સેથ રોજન, ધ સ્ટુડિયો
- શ્રેષ્ઠ દિગ્દર્શન (નાટક શ્રેણી) - એડમ રેન્ડલ, સ્લો હોર્સીસ
- શ્રેષ્ઠ દિગ્દર્શન (કોમેડી શ્રેણી) - સેથ રોજન, ધ સ્ટુડિયો
- શ્રેષ્ઠ અભિનેતા (મર્યાદિત અથવા કાવ્યસંગ્રહ શ્રેણી/ફિલ્મ) - સ્ટીફન ગ્રેહામ, કિશોરાવસ્થા
- શ્રેષ્ઠ અભિનેત્રી (મર્યાદિત અથવા કાવ્યસંગ્રહ શ્રેણી/ફિલ્મ) - ક્રિસ્ટીન મિલિયોટી, પેંગ્વિન

## બૈરાબી-સૈટાંગ રેલ પ્રોજેક્ટ



- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મિઝોરમની પ્રથમ બ્રોડગેજ રેલ્વે લાઇન **બૈરાબી-સૈટાંગ રેલ પ્રોજેક્ટનું** ઉદ્ઘાટન કર્યું.
- પ્રોજેક્ટનો લગભગ **54%** ભાગ ટનલ અને પુલમાંથી પસાર થાય છે.
- સૈરાંગ નજીક સ્થિત **પુલ નંબર 144**, **114 મીટર** ઊંચો છે અને તે ભારતનો **સૌથી ઊંચો પિયર રેલ્વે બ્રિજ** બની ગયો છે - જે કુતુબ મિનાર કરતાં પણ ઊંચો છે.

## ભારત અને રશિયા વચ્ચે અભ્યાસ ZAPAD 2025




- સશસ્ત્ર દળોની 65 સભ્યોની ટીમે રશિયામાં **નિઝનીના મુલિનો** ખાતે ZAPAD 2025 કવાયતમાં ભાગ લીધો.
- આ ટીમમાં 57 આર્મી, 7 એરફોર્સ અને 1 નેવિ ઓફિસરનો સમાવેશ થાય છે.
- ભારતીય સેનાની કુમાઉ રેજિમેનટે આ ટીમનું નેતૃત્વ કર્યું.
- ZAPAD 2025 યુદ્ધ અને આતંકવાદ વિરોધી બાબતો પર કેન્દ્રિત બહુપક્ષીય કવાયત છે.
- આ કવાયતનો ઉદ્દેશ્ય આંતર-કાર્યક્ષમતા વધારવા, વ્યૂહરચનાઓ શેર કરવા અને ઉભરતી ટેકનિકસને એકીકૃત કરવાનો છે.




## ONE LINER NEWS

- ✓ NCERT એ 1 સપ્ટેમ્બરના રોજ તેના 65મા સ્થાપના દિવસે 'બાલ વાટિકા ટીવી ચેનલ', 'દીક્ષા 2.0' અને 'પ્રષ્ટ 2.0' કાર્યક્રમો શરૂ કર્યા છે. તેમનો ઉદ્દેશ્ય સમાવિષ્ટ ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે.
- ✓ 12મી પુરુષ એશિયા કપ હોકી ચેમ્પિયનશિપ રાજગીરના રાજગીર ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે યોજાઈ. એશિયા કપ હોકીના માસ્કોટનું નામ ચાંદ છે. આ નામ હોકીના દિગ્ગજ મેજર ધ્યાનચંદથી પ્રેરિત છે. આ માસ્કોટ રાષ્ટ્રીય પ્રાણી વાઘથી પ્રેરિત છે. આ માસ્કોટ વાઘની હિંમત, ચપળતા અને કૌશલ્યનું પ્રતીક છે. તે બિહારના વાલ્મીકિ ટાઇગર રિઝર્વના ભવ્ય વાઘથી પણ પ્રેરિત છે.
- ✓ જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના ચાસોટી ગામમાં વિનાશક વાદળ ફાટવાથી ભારે નુકસાન થયું. ચસોટી ખાતે આવેલ માછૈલ માતા મંદિરે હાજર રહેલા લોકોએ આ ઘટનાનો સામનો કરવો પડ્યો હતો.

- ✓ કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે મુંબઈમાં કાંદિવનીમાં ભારતના પ્રથમ સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલિત સ્વચ્છ સ્ટ્રીટ ફૂડ હબનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ શ્રીલંકા-ભારત નૌકાદળ કવાયત, SLINEX-25ની 12મી આવૃત્તિનો સમુદ્રી તબક્કો કોલંબોના દરિયાકાંઠે યોજાયો. આ કવાયતમાં ભારતીય નૌકાદળનાં બે જહાજો INS જ્યોતિ અને INS રાણાએ ભાગ લીધો.
- ✓ શ્રીનગરમાં પ્રથમ ખેલો ઇન્ડિયા વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલ (KIWSF)ના લોગો અને શુભાંકર લોન્ચ કરવામાં આવ્યા. પસંદ કરાયેલ માસ્કોટ હિમાલયન કિંગફિશર છે. લોગોમાં દાલ તળાવમાં સફર કરતી શિકારા બોટ બતાવવામાં આવી છે.
- ✓ 1 સપ્ટેમ્બરથી ભારતમાં ચાંદીના દાગીના પર HUID આધારિત હોલમાર્કિંગ શરૂ થયું. હાલમાં તે સ્વૈચ્છિક છે. BIS એ ચાંદીની શુદ્ધતા તપાસવાનું સરળ બનાવવા માટે આ કર્યું છે. સોનાની જેમ, હવે ચાંદી પર પણ ડિજિટલ ટ્રેસિંગ સિસ્ટમ લાગુ થશે.
- ✓ નાગાલેન્ડ યુનિવર્સિટીએ 18 નાગા ભાષાઓનાં વ્યાકરણ વિકસાવવા માટે એક પહેલ શરૂ કરી છે. તેનાથી વિદ્યાર્થીઓને તેમની માતૃભાષાને વધુ સારી રીતે સમજવા અને શીખવામાં મદદ મળશે.
- ✓ ભારતીય શટલર્સ સાત્વિક સાઈરાજ રંકી રેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ BWF વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.
- ✓ ઓસ્કાર પિયાસ્ટ્રીએ નેધરલેન્ડ્સના સર્કિટ ઝાંડવુર્ટ ખાતે આયોજિત 2025 ડચ ગ્રાન્ડ પ્રિક્સ જીતી. ફોર્મ્યુલા 1 હેઈનકેન ડચ ગ્રાન્ડ પ્રિક્સ 2025ને 2025 ડચ ગ્રાન્ડ પ્રિક્સ તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ ગ્લોબલ પીસ ઇન્ડેક્સ 2025માં સિંગાપોર એશિયાનો સૌથી સુરક્ષિત દેશ બન્યો. ભારત 115મા ક્રમે.
- ✓ ભારતીય ટપાલ વિભાગે અમેરિકાની તમામ ટપાલ સેવાઓ અસ્થાયી રીતે પ્રતિબંધિત કરી.
- ✓ શ્રેષ્ઠ શિક્ષક સન્માન માટેની પસંદગી સમિતિમાં જસ્ટિસ અનિરુદ્ધ બોસ, પ્રો.હિમાંશુ રાય (IIM ઇન્દોર) અને દૈનિક ભાસ્કરના સંપાદક અરુણ ચૌહાણનો સમાવેશ.
- ✓ ઓપરેશન સિંદૂર: ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ ઈન્ડિયાઝ ડીપ સ્ટ્રાઈક્સ ઇનસાઇડ પાકિસ્તાન - પુસ્તકનું વિમોચન થયું. આ પુસ્તકના લેખક નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ કેજેએસ ધિલ્લોન છે.
- ✓ એર માર્શલ સંજીવ ઘુરતિયાએ એરફોર્સ હેડક્વાર્ટરમાં એર ઓફિસર-ઇન-ચાર્જમેન્ટેનન્સ' તરીકેનો કાર્યભાર સંભાળ્યો
- ✓ અનુતિન ચાર્નવિરાકુલ થાઈલેન્ડના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાયા.
- ✓ બિહારમાં આંગણવાડી કાર્યકરોને હવે ₹7,000ની જગ્યાએ ₹9,000/માસ મળશે. આંગણવાડી સહાયકોનું માનદ વેતન ₹ 4,000થી વધારીને ₹ 4,500 પ્રતિ માસ કરવામાં આવ્યું. આ ઉપરાંત નાગરિકો માટે 125 યુનિટ સુધી મફત વીજળીની જાહેરાત કરવામાં આવી.
- ✓ કેરળ સરકારે દેશમાં પ્રથમવાર વરિષ્ઠ નાગરિક આયોગની રચના કરી છે. તેનો હેતુ વૃદ્ધોના અધિકારોનું રક્ષણ કરવાનો અને ઉપેક્ષા, શોષણ અને એકલતા જેવી સમસ્યાઓનું નિરાકરણ લાવવાનો છે. આ આયોગ વૃદ્ધોના રક્ષણ અને તેમના પુનર્વસન માટે સહાય પણ પૂરી પાડશે.
- ✓ પીપલ્સ પ્રોગ્રેસિવ પાર્ટીના ઇરફાન અલી ગુયાનાના રાષ્ટ્રપતિ બન્યા. જ્યોર્જટાઉન ગુયાનાની રાજધાની છે. તેનું ચલણ ગુયાના ડોલર છે.

- ✓ ભારતે 2025-26 સત્ર માટે અફઘાન વિદ્યાર્થીઓને 1,000 રૂપિયાની ઈ-સ્કોલરશીપ આપવાની જાહેરાત કરી. આ ICCRની ખાસ યોજના હેઠળ આપવામાં આવશે. વિદ્યાર્થીઓ ઈ-વિદ્યાભારતી પોર્ટલ પરથી ઓનલાઈન અભ્યાસ કરી શકશે.
- ✓ ભારતીય લેગ-સ્પિનર અમિત મિશ્રાએ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.
- ✓ ભારતે 'મેથાન્ડીએનોન લોંગ-ટર્મ મેટાબોલિટ' નામની સંદર્ભ સામગ્રી તૈયાર કરી છે. તેનો ઉપયોગ રમતોમાં ડોપિંગ શોધવા માટે કરવામાં આવશે. NIPER ગુવાહાટી, NDTL દિલ્હીએ તે બનાવ્યું છે.
- ✓ ગ્રીન હાઇડ્રોજન પ્રોજેક્ટ તમિલનાડુના વી. ઓ.ચિદમ્બરનાર બંદર ખાતે શરૂ થયો. આ કાર્યક્રમ સ્વાતંત્ર્ય સેનાની વી. ઓ. ચિદમ્બરનારની જન્મજયંતી પર યોજાયો હતો. આ પ્રોજેક્ટ ભારતની ગ્રીન એનર્જી, દરિયાઈ અર્થતંત્રમાં વધારો કરશે.
- ✓ ભારતના ઝડપથી વિકસતા ક્રિકેટ ફૂટવેર માર્કેટમાં પોતાની પકડ મજબૂત કરવા માટે, સ્કેચર્સે ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજને પોતાનો બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા.
- ✓ ISRO 2026 સુધીમાં તમિલનાડુના કુલશેખરપટ્ટીનમમાં 2300 એકરનું નવું સ્પેસપોર્ટ બનાવશે. આ ભારતનું બીજું લોન્ચ સેન્ટર હશે, જ્યાંથી દર વર્ષે 20-25 SSLV લોન્ચ કરવામાં આવશે.
- ✓ નેપાળમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ સોશિયલ મીડિયામાં વિરોધ દર્શાવતા જેન ઝી (જનરેશન ઝેડ) યુવાનો રસ્તાઓ પર ઉતરી આવ્યા. નેપાળ સરકારે ટિકટોક સિવાયની તમામ 26 જેટલી સોશિયલ મીડિયા એપ અને સાઇટ પર પ્રતિબંધ મૂકતાં આ યુવાનોએ વિરોધ નોંધાવ્યો. આંદોલનના વડા સુદાન સુરંગ છે.
- ✓ ભારતે વર્લ્ડ તીરંદાજી ચેમ્પિયનશિપ 2025માં પહેલી વાર પુરુષોની કમ્પાઉન્ડ ટીમ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો. ઋષભ યાદવ, અમન સૈની અને પ્રતમેશ ફુગેની જોડીએ ફ્રાન્સને 235-233થી હરાવ્યું.
- ✓ રશિયાની ફેડરલ મેડિકલ બાયોલોજિકલ એજન્સીએ કોલોન કેન્સર માટે રસી તૈયાર કરી છે. આ રસી પ્રી-ક્લિનિકલ ટ્રાયલ્સમાં સફળ રહી છે.
- ✓ વિશ્વનો પ્રથમ સિરામિક વેસ્ટ પાર્ક યુપી (ખુર્જા)માં ખુલશે. 80 ટનથી વધુ સિરામિક કચરામાંથી બનાવેલી 100 કલાકૃતિઓ હશે. તેમાં 28 મોટી મૂર્તિઓ પણ છે, જે તૂટેલા ઘડા, કીટલી જેવી વસ્તુઓમાંથી બનાવવામાં આવી છે.
- ✓ બ્રિટનના વડાપ્રધાન કિર સ્ટામરે ડેવિડ લેમીને બ્રિટનના નાયબ વડાપ્રધાન નિયુક્ત કર્યા. લેમી ન્યાય સચિવ તરીકે પણ સેવા આપશે.
- ✓ બુકર પ્રાઇઝ વિજેતા લેખિકા અરુંધતિ રોયની આત્મકથા 'મધર મેરી કમ્સ ટુમી' પ્રકાશિત થઈ. આમાં, તેણીએ તેની માતા મેરી રોય સાથેના સંબંધો વિશે લખ્યું છે.
- ✓ હિમાચલ હવે ભારતનું ચોથું સંપૂર્ણ સાક્ષર રાજ્ય બની ગયું છે. રાજ્યનો સાક્ષરતા દર 99.3% સુધી પહોંચી ગયો છે. સ્વતંત્રતા સમયે, અહીં સાક્ષરતા દર માત્ર 7% હતો.
- ✓ રિઝર્વ બેંકે 13 સપ્ટેમ્બરે ગાયક અને ભારત રત્ન ડૉ. ભૂપેન હજારિકાની જન્મ શતાબ્દી પર, રૂ. 100નો સ્મારક સિક્કો બહાર પાડયો.
- ✓ બ્લૂમબર્ગના રિપોર્ટ મુજબ ઓરેકલના કો-ફાઉન્ડર લેરી એલિસન હવે ટેસ્લાના સ્થાપક ઈલોન મસ્કને પછાડીને વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે.

- ✓ અમેરિકાએ 'HIRE Act 2025' નામનું નવું બિલ રજૂ કર્યું. તેમાં અમેરિકન કંપનીઓ દ્વારા વિદેશમાં આઉટસોર્સિંગ પર 25% કર લાદવાનો પ્રસ્તાવ છે. આનાથી યુએસએમાં ગ્રાહકોને ફાયદો થાય છે.
- ✓ 17 વર્ષીય ભારતીય-અમેરિકન તેજસ્વી મનોજને TIME મેગેઝિન દ્વારા કિડ ઓફ ધ યર 2025 તરીકે પસંદ કરવામાં આવી છે. તેણે વૃદ્ધોને ઓનલાઇન છેતરપિંડીથી બચાવવા માટે 'શિલ્ડ સિનિયર્સ' નામની વેબસાઇટ બનાવી છે, જે ચેટબોટ અને AI ટેકનોલોજીમાં મદદ કરે છે.
- ✓ ISROએ 100મી ટેકનોલોજી ટ્રાન્સફર ડીલ હેઠળ હિંદુસ્તાન એરોનોટિક્સને નાના ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન બનાવવાનો. અધિકાર આપ્યો. પ્રથમ વખત, ISRO એ તેની રોકેટ ટેકનોલોજી ખાનગી કંપનીને આપી.
- ✓ NASAના જણાવ્યા અનુસાર, 2024માં મંગળ પરથી લેવામાં આવેલા 'નીલમ કેન્યોન' નમુનામાં જીવનના ચિહ્નો ધરાવતા પદાર્થો મળી આવ્યા છે. તે અત્યાર સુધીનો સૌથી મોટો પુરાવો માનવામાં આવે છે કે ત્યાં જીવન હોવું જોઇએ.
- ✓ બ્રસેલ્સમાં આતંકવાદ વિરોધી ભારત-EU સંયુક્ત કાર્યકારી જૂથની બેઠકનું આયોજન કરવામાં આવ્યું.
- ✓ ચીનના વૈજ્ઞાનિકોએ વિશ્વનો પહેલો 'બોન ગ્લૂ' બનાવ્યો છે. આ ગુંદર ફક્ત 2થી 3 મિનિટમાં કોઈપણ તૂટેલા હાડકાને જોડે છે. આ ગુંદર સમુદ્રમાં ખડકો પર ચોંટી રહેલા છીપથી પ્રેરિત છે. 'બોન ગ્લૂ' લગાવ્યા પછી, તે છ મહિનામાં ધીમે ધીમે શરીરમાં ઓગળી જાય છે.
- ✓ કેન્દ્રીય ગૃહ મંત્રી દ્વારા પાંચ એરપોર્ટ પર ફાસ્ટ-ટ્રેક ઇમિગ્રેશન સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો. આ પાંચ એરપોર્ટમાં લખનૌ, તિરુવનંતપુરમ, ત્રિચી, કાલિકટ અને અમૃતસર એરપોર્ટનો સમાવેશ થાય છે.
- ✓ ગુજરાતી કલાકાર આદિત્ય ગઢવીનું ગીત 'અલબેલી મતવાલી મૈયા' 68મા ગ્રેમી એવોર્ડ્સ માટે પસંદગી પામ્યું.
- ✓ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયાએ શ્રીનિવાસ ઇન્જેતીને NSEના ગવર્નિંગ બોર્ડના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા. તેઓ ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી (IFSCA)ના સ્થાપક અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.
- ✓ ભ્રષ્ટાચાર રોકવા માટે અલ્બેનિયાએ વિશ્વના પ્રથમ AI મંત્રીની નિમણૂક કરી છે. આ AI બોટનું નામ 'ડાયલા' છે. હવે તે જાહેર ખરીદી વિભાગનો હવાલો સંભાળશે.
- ✓ પ્રોફેસર પ્રદીપ કુમાર પ્રજાપતિએ ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ (AIIA), નવી દિલ્હીના ડિરેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળ્યો.
- ✓ IIM અમદાવાદે દુબઈમાં તેનું પહેલું આંતરરાષ્ટ્રીય કેમ્પસ શરૂ કર્યું ,જ્યાં MBA પ્રોગ્રામ ચલાવામાં આવશે.
- ✓ ભારતીય શૂટર એશા સિંહે ચીનમાં આયોજીત ISSF વર્લ્ડ કપમાં 10 મીટર એર પિસ્તોલમાં માત્ર 0.1 પોઈન્ટના અંતરથી ગોલ્ડ જીત્યો. 20 વર્ષીય એશાએ વર્લ્ડ કપમાં પ્રથમવાર વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીત્યો છે.
- ✓ ભારતે યુએન જનરલ એસેમ્બલીમાં પેલેસ્ટાઇન મુદ્દા પર બે-રાષ્ટ્ર ઉકેલ માટેના પ્રસ્તાવને સમર્થન આપ્યું. 'ન્યૂયોર્ક ઘોષણા' નામના આ પ્રસ્તાવના પક્ષમાં 142 દેશો હતા અને તેની વિરુદ્ધ 10 દેશો હતા.
- ✓ પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારીયા અને ગુજરાતના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં ગુજરાત પ્રવાસન નિગમના ઉપક્રમે આયોજિત ગુજરાત અને મેવાડની સંસ્કૃતિને ઉજાગર કરતો 'વાયબ્રન્ટ ગુજરાત પ્રી-નવરાત્રી ફેસ્ટીવલ' ઉદયપુર ખાતે આયોજિત થયો.

- ✓ નવી દિલ્હીમાં યોજાયેલી GST કાઉન્સિલની 56મી બેઠકમાં કોલસા પર 5% GST અને પ્રતિ ટન ₹ 400 નો વળતર સેસ લાગતો હતો જેને દૂર કરવામાં આવ્યો અને GST વધારીને 18% કરવામાં આવ્યો.
- ✓ 15 સપ્ટેમ્બરના રાષ્ટ્રીય ઈજનેર દિવસના આ દિવસ ભારતના મહાન ઈજનેર ભારત રત્ન સર એમ. વિશ્વશ્વરૈયાની જન્મતિથિ છે. આ વર્ષની આ દિવસની થીમ 'ટકાઉ ભવિષ્ય માટે એન્જિનિયરિંગ સોલ્યુશન્સ'
- ✓ કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણની અધ્યક્ષતામાં નવી દિલ્હીના પુસા કેમ્પસ ખાતે બે દિવસીય રાષ્ટ્રીય કૃષિ પરિષદ - રવિ અભિયાન 2025નું આયોજન કરવામાં આવ્યું.
- ✓ દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂત કુટુંબની એક ગાય નિભાવ ખર્ચમાં સહાયની યોજના માટે ગુજરાત રાજ્ય સરકારે આઇ-ખેડૂત 2.0 પોર્ટલ શરુ કર્યું.




✓